| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૪ | ૦૫ | ૨૦૧૮ |
| નોંધણી તારીખ | : | ૦૪ | ૦૫ | ૨૦૧૮ |
| નિર્ણય તારીખ | : | ૦૭ | ૦૩ | ૨૦૨૬ |
| સમય ગાળો | : | વર્ષ ૦૭ | માસ ૧૦ | દિવસ ૦૩ |

**મે.એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજશ્રીની કોર્ટ સમક્ષ,પાટણ મું.રાધનપુર**

**રેગ્યુલર સીવીલ અપીલ નં.૭૦/૨૦૧૮**

જુનો રેગ્યુલર સીવીલ અપીલ નં.૨૪/૨૦૧૮

**આંક–૧૪**

**વિવાદી:**

**નાડોદા (રથવી) ગાંડાભાઈ વેલાભાઈ**
રહે.ટુવડ, તા.સમી, જિ.પાટણ.

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી:**

**મૈયત આત્મારામ રણછોડદાસ જાનીના વારસદારો**

(૧/૧) **જાની નર્મદાબેન તે આત્મારામ રણછોડદાસની પત્નિ**
(૧/૨) **જાની વસંતીબેન આત્મારામ**
(૧/૩) **જાની નટવરભાઈ આત્મારામ**
(૧/૪) **જાની નીરુબેન આત્મારામ**
(૧/૫) **જાની જયંતીલાલ આત્મારામ**
(૧/૬) **જાની જયાબેન આત્મારામ**
(૧/૭) **જાની રક્ષાબેન આત્મારામ**

તમામ રહે.રહે.ટુવડ, તા.સમી, જિ.પાટણ.
હાલ રહે.ઐઠોર, તા.ઉંઝા, જી.મહેસાણા।

**બાબત:** સિવિલ પ્રોસીજર કોડની કલમ–૯૬ અન્વયે.

| **–: એડવોકેટસ :–** | |
|---|---|
| વિવાદી તરફે વિ.વ.શ્રી | બી.એસ.પટેલ |
| પ્રતિવિવાદીઓ તરફે વિ.વ.શ્રી | આર.એસ.મજમુદાર |

**-:: ઠરાવ ::-**

**(૧)** વિવાદી દ્વારા હાલની અપીલ સિવિલ પ્રોસીજર કોડની કલમ-૯૬ તળે મે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ, શંખેશ્વર (જેઓને હવે પછી હાલની અપીલના કામે વિ.ટ્રાયલ કોર્ટ તરીકે સંબોધવામાં આવેલ છે) દ્વારા રેગ્યુલર દિવાની મુકદમા નં.૨૫/૨૦૧૭ ના કામે કરવામાં આવેલ હુકમ અને હુકમનામાં સામે કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| રે.દિ.મુ.નં.૨૫/૨૦૧૭ | રેગ્યુલર સીવીલ અપીલ નં.૭૦/૨૦૧૮ |
|---|---|
| **વાદી**<br><br>નાડોદા (રથવી) ગાંડાભાઈ વેલાભાઈ<br>રહે.ટુવડ, તા.સમી, જિ.પાટણ. | **વિવાદી**<br><br>નાડોદા (રથવી) ગાંડાભાઈ વેલાભાઈ<br>રહે.ટુવડ, તા.સમી, જિ.પાટણ. |
| **પ્રતિવાદી**<br><br>મૈયત આત્મારામ રણછોડદાસ જાનીના વારસદારો<br><br>(૧) જાની નર્મદાબેન તે આત્મારામ રણછોડદાસની પત્નિ<br>(૨) જાની વસંતીબેન આત્મારામ<br>(૩) જાની નટવરભાઈ આત્મારામ<br>(૪) જાની નીરુબેન આત્મારામ<br>(૫) જાની જયંતીલાલ આત્મારામ<br>(૬) જાની જયાબેન આત્મારામ<br>(૭) જાની રક્ષાબેન આત્મારામ | **પ્રતિવિવાદી**<br><br>મૈયત આત્મારામ રણછોડદાસ જાનીના વારસદારો<br><br>(૧/૧)જાની નર્મદાબેન તે આત્મારામ રણછોડદાસની પત્નિ<br>(૧/૨) જાની વસંતીબેન આત્મારામ<br>(૧/૩) જાની નટવરભાઈ આત્મારામ<br>(૧/૪) જાની નીરુબેન આત્મારામ<br>(૧/૫) જાની જયંતીલાલ આત્મારામ<br>(૧/૬) જાની જયાબેન આત્મારામ<br>(૧/૭) જાની રક્ષાબેન આત્મારામ |

**(૨)** આ કામે મુળ દાવાની ટુંકમાં હકીકત જોતાં હાલની આ વિવાદ અરજમાં વિ.વાદી મૂળ દાવાના કામે વાદી હતા તથા પ્રતિવિવાદી મૂળ દાવાના કામ પ્રતિવાવાદી હતા અને એ રીતે પક્ષકારોને આ અપીલના કામે સમજવાના રહેશે.

(૩) આ કામે મુળ દાવાની હકીકત નીચે મુજબની છે.

'' (૧) અમો વાદી મોજે ગામ–ટુવડ, તા.સમી, જી.પાટણ મુકામે રહીએ છીએ અને ખેતીવાડીનો ધંધો કરીએ છીએ. પ્રતિવાદીઓના મૈયત પિતાશ્રી મોજે ગામ–ટુવડ, તા.સમી મુકામે રહેતા હતા અને તે તેઓનું વતન હતું. પ્રતિવાદીઓના મૈયત પિતાશ્રીએ અમો વાદીને સવંત–૨૦૪૧ ના ચૈત્ર વદ–૫ તા. ૯–૪–૧૯૮૫ ના રોજ મોજે ગામ–ટુવડ, તા.સમીની સીમમાં તેમની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાનું ખેતર નામે નદીવાળું જેનો જુનો સર્વે નં.–૫૬૦, એકર ૪–૧૩ ગુંઠા વાળું અને જેનો નવો સર્વે નં.–૭૭૦ પડેલો છે તે ખેતર અમો વાદીને રૂા.૧૫૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરા લઈને વેચાણ આપેલ હતું અને સદર ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો વાદીને સોંપેલ હતો અને હાલમાં પણ અમો વાદી દાવાવાળા ખેતરમાં જાતે વાવેતર કરીએ છીએ.

(૨) પ્રતિવાદીઓના મૈયત પિતાશ્રી જાની આત્મારામ રણછોડદાસના ઓએ દાવા વાળું ખેતર તા.૯–૪–૧૯૮૫ ના રોજ નાણાં લઈ વેચાણ આપ્યું તે વખતે તેઓને તાત્કાલિક નાણાંની જરૂરીયાત હોઈ અમો વાદીએ નાણાં આપી એક લખાણ તા.૯–૪–૧૯૮૫ ના રોજ મૈયત આત્મારામ રણછોડદાસ જાની પાસે કાગળ ઉપર વેચાણ સંબંધી લખાણ તેમના હસ્તાક્ષરમાં કરાવી લીધેલ હતું અને મૈયત આત્મારામ રણછોડદાસના ઓએ તેમની જાતે સ્વેચ્છાએ તેમના હસ્તાક્ષરોમાં દાવાવાળા ખેતર સંબંધી રૂા.૧૫૦૦૦/– રોકડા લઈને વેચાણ આપેલાની અને તે ખેતરનો કબજો સોંપ્યા સંબંધી અને તે ખેતરનો માલિકી હકક ઉઠાવી લીધેલ અને રજીસ્ટર દસ્તાવેજ કરી આપવાની કબુલાત કરેલ હતી અને તે લખાણના નીચે તેઓએ અમારી રૂબરૂ તેમના હસ્તાક્ષર કરેલ હતા.

(૩) દાવાવાળા ખેતર સંબંધી અમો વાદીએ વેચાણ દસ્તાવેજ કરાવવા માટે જાની આત્મરામ રણછોડદાસનો સંપર્ક કરવા પ્રયત્નો કરેલા પરંતુ તેઓ ટુવડ ગામ છોડીને કુટુંબ સાથે બીજે રહેવા ચાલી ગયેલ હતા તેથી અમો વાદી આત્મારામ રણછોડદાસ જાની પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી શકેલ ન હતા. ત્યારબાદ અમો વાદીએ રેવન્યુ રેકર્ડમાં તપાસ કરતાં દાવાવાળા ખેતરમાં હકક પત્રકમાં તા. ૨૯–૮–૨૦૧૨ ના રોજ દાવાવાળા સર્વે નં.–૭૭૦ માં જાની આત્મારામ રણછોડદાસનાઓ તા.૨૫–૫–૯૭ ના રોજ અવસાન થતાં તેમના વારસદારો તરીકે પ્રતિવાદીઓએ વારસાઈ હકકથી તેમનું નામ દાખલ કરાવેલ હતું અને અમો વાદીએ પ્રતિવાદીઓની

તપાસ કરતાં પ્રતિવાદીઓ મોજે ગામ–ઐઠોર, તા. ઊંઝા મુકામે રહેતા હોવાની માહિતી મળેલી તેથી અમો વાદી તા. ના રોજ મોજે ગામ–ઐઠોર, તા.ઊંઝા ગામે જઈ પ્રતિવાદી નં.–૩, ૫ ને મળેલા અને તેઓને મૈચત આત્મારામ રણછોડદાસના ઓએ તા.૯–૫–૧૯૮૫ ના રોજ કરી આપેલ દાવાવાળા સર્વે નંબરના વેચાણ સંબંધી જાણ કરેલી અને અમોને વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે તેઓને જણાવેલ તો તેઓને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈન્કાર કરેલો તેથી હાલનો આ દાવો પ્રતિવાદીઓ અમો વાદીને દાવાવાળા ખેતરમાં વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુકમ મેળવવા માટે કરેલો છે.

(૪) દાવાવાળું ખેતર મોજે ગામે–ટુવડ, તા.સમી. જી.પાટણ મુકામે આવેલ છે જેનો સર્વે નં.–૭૭૦, હે. આરે. ચો.મી. ૧–૧૫–૩૪ છે, આકાર રૂા.૨–૩૪ ગુંઠા વાળા ખેતરના ખુંટ વર્ણન નખીચે મુજબ છે.

ઉત્તરે :– ડોડીયા કનુભાઈ રમાભાઈનું ખેતર આવેલું છે.

દક્ષિણે :– સીંધવ દાનુભાઈ ગોવાભાઈનું ખેતર આવેલ છે.

પૂર્વે :– ડોડીયા ગાંડાભાઈ રમાભાઈનું ખેતર આવેલ છે.

પશ્ચિમે :– કટારીયા લક્ષ્મણભાઈ કુબેરભાઈનું ખેતર આવેલ છે.

(૫) દાવાનું કારણ :– મોજે ગામ–ટુવડ, તા.સમી. જી.પાટણ મુકામે સર્વે નં.–૭૭૦ હે.આરે.ચો.મી. ૧–૧૫–૩૪, એકર ૨–૩૪ ગુંઠા વાળી જમીન આવેલ છે. જેનો જુનો સર્વે નં.–૫૬૦ હતો જે પ્રતિવાદી મૈચત આત્મારામ રણછોડદાસ જાની ના ખાતે હતો તેમને અમો વાદીને તા.૯–૪–૧૯૮૫ ના રોજ વેચાણ આપેલ હતો. ત્યારબાદ પ્રતિવાદી મોજે ગામ–ટુવડ છોડીને બીજે ગામ રહેવા માટે ગયેલા અને અમોને જાણ થતાં મોજે ગામ –ઐઠોર, તા.ઊંઝા મુકામે તા.૧–૬–૨૦૧૩ ના રોજ પ્રતિવાદીઓને મળતાં સદર ખેતરનો વેચાણ દસ્તાવેજ કરવા માટે કહેલ તો પ્રતિવાદીઓએ અમો વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપવાની ચોખ્ખી ના પાડેલ અને અમોને મારી નાખવાની ધમકી આપેલ અને અપમાનિત કરીને કાઢી મુકેલા ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

(૬) હકુમત :– દાવાવાળી મિલ્કત મોજે ગામ –ટુવડ, તા.સમી, જી.પાટણ મુકામે આવેલી હોઈ સદર દાવો ચલાવવા નામદાર કોર્ટને હકુમત પહોંચે છે.

(૭) આકાર :– મોજે ગામ–ટુવડ, તા. સમી, જી. પાટણની સીમમાં આવેલ સર્વે નં.–

૭૭૦, હે. આરે. ચો.મી. ૧–૧૫–૩૪ એકર ૨–૩૪ ગુંઠા વાળી જમીન આવેલી છે જેને તા. ૯–૪–૧૯૮૫ ના રોજ રૂા. ૧૫૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરામાં વેચાણ રાખેલ હતી. સદર દાવાવાળી મિલ્કત માલિકી હકકે ઠરાવી લેવા તેમજ સદર દાવાવાળી મિલ્કતની હકુમત માટેની હાલની બજાર કિંમત રૂા.૨,૦૦,૦૦૦/– ગણીને રૂા. ૨,૧૫,૦૦૦/– ની ગણી કોર્ટ સ્ટેમ્પ રૂા. ૯,૧૫૦/– નો વાપરેલ છે તેમજ દાવાવાળી મિલ્કતનો કાયમી મનાઈ હુકમ મેળવવા સારું આંક રૂા. ૧૦૦૦/– નો ગણી કોર્ટ ફીઝ સ્ટેમ્પ રૂા. ૧૦૦/– નો વાપરેલ છે. આમ કુલ્લે સ્ટેમ્પ રૂા. ૯૩૦૦/– નો વાપરેલ છે. વકીલ ફી તેમજ હકુમત માટે તે જ આકાર ગણેલ છે.

(૮) આ દાવા અરજ સાથે વકીલપત્ર, વાદીઓના સરનામા પુરશીશ, દસ્તાવેજી યાદી સાથેના કાગળો, નામદાર કોર્ટની નકલો તેમજ પ્રતિવાદીઓને આપવાની નકલો સામેલ છે.

(૯) સબબ દાદ માંગવાની કે,

(૧) મોજે ગામ – ટુવડ, તા. સમી, જી. પાટણ મુકામે આવેલ સર્વે નં.–૫૬૦ એકર ૪–૧૩ ગુંઠા જેનો નવો સર્વે નં.–૭૭૦ નો જે અમો વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે જેનો વેચાણ અંગેનું લખાણ તા.૯–૪–૧૯૮૫ ના રોજ મૈયત આત્મારામ રણછોડદાસ જાનીએ કરી આપેલ હોઈ અને હાલમાં તેમના વારસો અમો વાદીને સદર દાવાવાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુકમ કરવા મે. થશે.

(૨) દાવાવાળી મિલકત મોજે ગામ– ટુવડ, તા. સમી, જી. પાટણ મુકામે સ.નં.–૫૬૦, આકાર રૂા.૪–૧૩ ગુંઠા જેનો નવો સર્વે નં.–૭૭૦ આવેલ છે તેમાં પ્રતિવાદીઓ બક્ષીસ, વેચાણ, ગીરો કે અન્ય રીતે હરકત, હેલો કે અડચણ કરે કે કરાવે નહિ તેવો કાયમી મનાઈ હુકમ આપવા મે. થશો.

(૩) નામદાર કોર્ટે દાવા સંબંધી યોગ્ય લાગે તે વિશેષ દાદ અપાવવા મે. થશે.

(૪) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા મે. થશે.''.

**(૪)** મૂળ દાવાના કામે પ્રતિવાદીઓ તરફે આંક–૧૧ થી રજુ કરેલ છે જે નીચે મુજબ છે.:,

" (૧) વાદીનો દાવો તથા મનાઈહુકમની અરજી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધની હોઈ રદ થવાને પાત્ર છે.

(૨) વાદીને હાલના જેવો દાવો તથા મનાઈહુકમનની અરજી કરવાનું કોઈ જ વ્યાજબી અને કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલું જ નહિ હોવાથી વાદીનો દાવો તે કારણોસર પણ રદ થવાને પાત્ર છે.

(૩) વાદીએ હાલનો દાવો તથા મનાઈહુકમની અરજી મોજે ટુવડ તા.સમી જી. પાટણની સીમમાં આવેલ રે.સ.નં.૫૬૦ નવો સર્વેનં.૭૭૦ની એકર–૪ ગુંઠા–૧૩, આકાર રૂા.૨–૫૦ પૈસાવાળી અમો પ્રતિવાદીઓના માલીકી કબજા ભોગવટામાં ખેતીની જમીન અંગે તા.૯–૪–૮૫ ના રોજ થયેલા કહેવાતા વેચાણ લેખના દસ્તાવેજ તે આધાર ગણીને હાલનો દાવો તથા મનાઈહુકમની અરજી કરવામાં આવેલી છે. અમો પ્રતિવાદીઓના વડિલ આત્મારામ રણછોડદાસ જાનીનું તા.૨૫–૫–૯૭ ના રોજ અવસાન થયેલુ છે. અમો પ્રતિવાદીઓના વડિલ આત્મારામ રણછોડદાસ જાનીએ તા.૯–૪–૮૫ના રોજનો કહેવાતો વેચાણ અંગેનો કરાર કરેલો નથી. વાદીઓ અમો પ્રતિવાદીઓના વડિલની હયાતી દરમ્યાન આવો કહેવાતો વેચાણ લેખનો અમલ કરાવવા માટેની કોઈ જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતી નથી. આમ અમો પ્રતિવાદીઓના વડિલ આત્મારામ રણછોડદાસ જાનીનું તા.૨૫–૫–૯૭ ના રોજ અવસાન થયા બાદ અમો પ્રતિવાદીઓએ અમારી કાયદેસરની વારસાઈ કરાવવાની અરજી આપેલી હતી. અને તમામ કાયદેસરની કાર્યવાહી કર્યા પછી અમો પ્રતિવાદીઓના નામો રેવન્યુ રેકર્ડમાં માલીક કબજા ભોગવટા આધારે દાખલ થયેલા છે. જેની વારસાઈની નોંધ નં. ૨૯૮૩ તા. ૨૯–૮–૧૨ ના રોજની પાડી પ્રમાણિત પણ કરવામાં આવેલી છે. આમ હાલના વાદીએ કહેવાતા તો ૯–૪–૮૫ ના રોજના વેચાણ લેખના કરારનો ૨૮ વર્ષ પછી અમલ કરાવવા માટેનો હાલનો દાવો તથા મનાઈહુકમની અરજી દાખલ કરેલી છે. તેથી વાદીના દાવા તથા મનાઈહુકમની અરજીને સમયમર્યાદાનો બાધ નડે છે. તેથી પણ વાદીનો દાવો તથા મનાઈહુકમની અરજી લી ઓફ લીમીટિશનના ગ્રાઉન્ડ આધારે રદ થવાને પાત્ર છે.

(૪) વાદીના દાવા તથા મનાઈહુકમની અરજીના પેરા–૧માં જણાવેલી હકીકતો સબંધી જણાવવાનું કે મોજે ટુવડ તા. સમી જી.પાટણની સીમમાં આવેલ રે.સ.નં. ૫૬૦ નવો રે.સ.નં. ૭૭૦ વાળી એકર–૪ ગુંઠાં–૧૩ વાળી ખેતીની મિલ્કત અમો પ્રતિવાદીઓના વડિલ આત્મારામ રણછોડદાસ જાનીની માલીકી કબજા ભોગવટાની આવેલી હતી અને

તેમના અવસાન બાદ અમો તમામ પ્રતિવાદીઓના નામે અને ખાતે માલીકી કબજા ભોગવટાના આધારે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલી છે. આમ વાદી જણાવે છે તેમ દાવાવાળી મિલ્કત સંવત ૨૦૪૧ ચૈત્ર વદ-૫ નુ તો ૯-૪-૧૯૮૫ ના રોજ વૈચાણ કરા લેખ રૂા.૧૫,૦૦૦/-માં વેચાણ વાદીને આપેલી હોવાની જણાવેલી તમામ હકીકતો ખરી નથી અને અમોને કબુલ નથી. અમો પ્રતિવાદીના વડિલે કયારે પણ દાવાવાળી મિલ્કત નો કહેવાતો વેચાણ કરાર વાદીની સાથે કરેલો નથી. કે અમારા વિડલે દાવાવાળી મિલ્કત વાદીને વેચાણ આપેલી નથી. તેથી કહેવાતો તા.૯-૫-૮૫ ના રોજનો વેચાણ કરાર સાક્ષીઓની સહીઓ વગરનો ખોટો અને બનાવટી ઉભો કરેલો છે. વળી સ્થળ ઉપર પણ દાવાવાળી મિલ્કતનો કબજો ભોગવટો માલીકી હકકે અમો પ્રતિવાદીઓનો જ છે. આમ વાદીનો કોઈ પ્રથમ દર્શનિય કેસ નથી. તેથી વાદીનો દાવો તથા મનાઈહુકમની અરજી તે કારણોસર પણ રદ થવાને પાત્ર છે.

(૫) વાદીઓના દાવા તથા મનાઈ હુકમની અરજીના પેરા-૨માં જણાવેલી હકીકતો ખરી નથી અને અમોને કબુલ નથી. વાદીએ તદ્દન ખોટો સિવિલ રાઈટ ઉભો કરવા માટે જણાવેલી છે. સદર પેરાની મોટા ભાગની હકીકતો નો જવાબ ઉપરના જવાબના પેરામાં આવી જતો હોઈ તેનો ફરીથી જવાબ આપેલો નથી.વળી, વાદી કહે છે તે પ્રમાણે દાવાવાળી મિલ્કત તા. ૯-૪-૯૫ ના રોજ રૂા. ૧૫,૦૦૦/-માં વેચાણ આપી, તે અંગેનું લખાણ તેમના હસ્તાક્ષરમાં કરાવી લીધેલ હોવાની અને રૂા. ૧૫,૦૦૦/- પંદર હજાર પુરાં રોકડા લઈ દાવાવાળી મિલ્કતનો માલીકી કબજો ભોગવટો વાદીને આત્મારામ રણછોડભાઈ જાનીએ તેમની હયાતીમાં સોંપેલ હોવાની અને તે સબંધી રજીસ્ટર્ડ વેચાણ લેખ કરી આપવાની કબુલાત કરેલ હોવાની જણાવેલી તમામ હકીકતો તદ્દન ખોટી અને બનાવટી રીતે ઉભી કરેલી છે જે અમો પ્રતિવાદીઓને કબુલ નથી. અમો પ્રતિવાદીઓના મૈયત વડિલે કપારે પણ :- દાવાવાળી મિલ્કત અંગેનું વેચાણ અંગેનું લખાણ લખી આપેલી નથી કે તેવા કહેવાતા વેચાણ લેખમાં સહી કરી આપી મિલકતનો કબજો સોંપેલો નથી. આમ વાદી દાવાવાળી મિલ્કતના કયારે માલીક-વ-કબજેદાર નહિ હોવાથી દાવો તથા મનાઈહુકમની અરજી રદ થવાને પાત્ર છે.

(૬) વાદીઓના દાવા તથા મનાઈહુકમની અરજીના પેરા-૩માં જણાવ્યા હકકતો સંપૂર્ણ નથી અને અમને કબુલ નથી. અમો પ્રતિવાદીઓના વડિલ આત્મારામ રણછોડદાસ જાનીનું તા.૨૫-૫-૯૭ ના રોજ અવસાન થતાં તેમના તમામ કાયદેસરના વારસદારોના નામો વારસાઈ કરવાની અરજી રેવન્યુ અધિકારી સમક્ષ

આપતાં કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ પેઢીનામા પ્રમાણેના નામોની નોંધ ૨૯૮૩ તા. ૨૯–૮–૧૩ ના રોજની પાડી પ્રમાણીત કરવામાં આવેલી છે. આમ અમો વારસાઈ હકકે માલીક–વ–કબજેદાર બનેલા છીએ. વળી વાદીએ આ નોંધ નં. ૨૯૮૩ની ખોટી રેવન્યુ અધિકારીશ્રી પાડેલી હોય તેમ લાગતુ હોય તો તેમણે તે પડેલી નોંધ અંગે રેવન્યુ કોર્ટમાં કાયદસરની કાર્યવાહી કરવી જોઈએ. વાદી નોંધ નં. ૨૯૮૩ને ચેલેન્જ કરેલી નથી. આમ તે નોંધ ચેલેન્જ નહિ કરી સાચી હકીકત છૂપાવવાનો વાદી પ્રયત્ન કરી રહેલા છે. વાદી જણાવે છે તેમ દાવાવાળી મિલ્કત સબંધી વેચાણ બાબતે વાદી અમો પ્રતિવાદી નં. ૩–૫ ના ને મળેલા હોવાની હકીકત ખોટી જણાવેલી હોઈ તે અમોને કબુલ નથી. વધુમાં ગુજરાતના કોઈ પણ ખુણાંમાં રહીને અમો પ્રતિવાદીઓ કાયદા પ્રમાણે ખેતીની જમીનો વસાવી શકીએ છીએ ખેતી કરી–કરાવી પણ શકીએ છીએ. આમ વાદીના પેરાની તમામ હકીકતો ખરી હોઈ તે અમોને કબુલ નથી.

(૭) વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીના પેરા–જમાં જણાવેલ દાવાવાળી મિલકતના નંબરો સાચા છે પરંતુ જણાવેલા ખુંટ વર્ણન પુરાવાની સાબિત કર્યા સિવાય સાચા માની શકાય નહિ.

(૮) વાદીની દાવા અરજીના પેરા–૫ અને મનાઈહુકમની અરજીના પેરા–૬માં જણાવેલું કારણો હાલના જેવો ખોટો દાવો કરવા માટે ઉભું કરેલું છે. વાદી જણાવે છે તમે તેવું કોઈ કારણ ઉત્પન્ન થયેલુ નથી.

(૯) વાદીના દાવા અરજીના પેરા–૬ અને ૮ તથા મનાઈહુકમની અરજીના પેરા–૭ ફોર્મલ છે.

(૧૦) વાદીની મનાઈહુકમની અરજીના પેરા–૫ માં જણાવ્યા પ્રમાણેની હકીકતો ખરી નથી અને અમોને કબુલ નથી. મોજે ટુવડ તા. સમી જી.પાટણની સીમમાં આવેલી રે.સ.નં. ૫૬૦ (જુનો ) નવો નં. ૭૭૦ એકર–૪ ગુઠાં–૧૩ વાળી મિલ્કત મુળથી જ અમો પ્રતિવાદીઓના વડિલ આત્મારામ રણછોડદાસ જાનીની માલીકી કબજ ભોગવાટાની આવેલી હતી અનેતેઓના અવસાન બાદ અમો પ્રતિવાદીઓના નામો વારસાઈ હકકે માલીકી કબજા ભોગવટા આધારે દાખલ થયેલા છે. આમ અમો પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતના કાયદેસરના માલીક–વ–કબજેદાર છીએ. આમ વાદીઓનો કોઈ પ્રથમ દર્શનિય કેસ નથી. બેલેન્સ ઓફ કન્વેનીયન્સ પણ વાદીની વિરૂધ્ધમાં અને અમો પ્રતિવાદીઓની તરફેણમાં છે. વળી અમો પ્રતિવાદીઓ કાયદેસરના માલીકો હોવાથી જો આ કામે મનાઈહુકમ આપવામાં આવે તો અમો

પ્રતિવાદીઓને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું કાયમી સ્વરૂપનું નુકશાન થાય તેમ છે. વળી અમારા દિવાની હકકો પણ કાયમી સ્વરૂપનું નુકશાન થાય તેમ છે. જયારે વાદી દાવાવાળી કાયદેસરના મિલ્કતના માલીક નહિ હોવાથી તેઓને કોઈ જ જાતનું નુકશાન થાય તેમ નથી. વાસ્તવમાં દાવાવાળી જમીનમાથી નર્મદાની કેનલ પસાર થતી હોવાના કારણે ખેતીની કિંમતો વધતાં હાલનો આ તદન ખોટો દાવો કરેલો છે. આમ વાદીની મનાઈહુકમની અરજી તે કારણોસર રદ થવાને પાત્ર છે.

વધુમાં, હાલની દાવાવાળી ખેતીન જમીનમાંથી નર્મદાની કેનાલ પસાર થયેલી છે. જે અંગેની અમારી માલીકીની જમીન પણ જમીન સંપાદનની કાયદેસરની કાર્યવાહી કરીને એકવાયર કરી છે અને કપાત થયેલી જમીનના એવોર્ડના ભાગ રૂપેનું વળતર રૂા.૧૦,૩૭૪/– એસ. બી. આઈ.બેન્કના ચેક નં.૦૬૫૨૪૪ તા.૨૯–૮–૧૨ના રોજ એકઝીકયુટીવ એન્જીનીયર, કચ્છ કેનાલ ડિવિઝન નં.૧/૫ ચાણસ્મા તરફથી અમો પ્રતિવાદી નં.૧ના નામોનો સંબંધીત કચેરીએ ચેક આપીને ચુકવવામાં આવેલા છે. તેથી જો હાલના વાદીના માલીકી કબજા ભોગવટા દાવાવાળી જમીન આવેલી હોત તો તેના નાણાં અમો પ્રતિવાદીઓને ચુકવવામાં આવેલા ન હોત. તેથી તે પ્રથમ દષ્ટિએ સાબિત થાય છે કે દાવાવાળી મિલ્કતનો માલીકી કબજો ભોગવટો અમો પ્રતિવાદીઓને છે. તેથી પણ વાદીનો દાવો તથા મનાઈહુકમની અરજી તે કારણોસર પણ રદ થવાને પાત્ર છે.

(૧૧) વાદીના દાવા અરજી ના પેરા–૯ અને મનાઈહુકમનની અરજીના પેરા–૮માં જણાવેલી હકીકત ખરી અને અમોને કબુલ નથી.

(૧૨) આ સાથે સરનામા પુરશીસ તથા કાગળોની યાદી વિગેરે સામેલ છે.

(૧૩) સબબ, વિનંતી કરવાની ઉપરોકત જવાબની હકીકતોને ધ્યાને લેતા વાદી દાવાવાળી મિલ્કતના માલીક–વ–કબજેદાર નહિ હોવાથી વાદીનો દાવો તથા મનાઈહુકમની અરજી ખર્ચસહ રદ કરવા મે.થશે.''.

**(૫)** વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા રે.દી.મુ.નં.૨૫/૨૦૧૭ ના કામે આંક–૧૯ થી નીચે મુજબના મુદૃાઓ ઘડવામાં આવેલ હતા.

## મુદ્દા

**મુદ્દા નં.–૧.** શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકત વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને તેઓ પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકકદાર છે ? **નકારમાં**

**મુદ્દા નં.–૨.** શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે ? **હકારમાં**

**મુદ્દા નં.–૩.** શું વાદી પુરવાર કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? **નકારમાં**

**મુદ્દા નં.–૪.** શું હુકમ અને શું હુકમનામું ? **આખરી હુકમ મુજબ**

(૬) વાદી ધ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રે.દી.મુ નં.૨૫/૨૦૧૭ ના કામે રજુ કરવામાં આવેલ હતો.

**મૌખિક પુરાવો:**

| અ.નં. | આંક નંબર | મૌખિક પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | વાદી નાડોદા રથવી ગાંડાભાઈ વેલાભાઈનું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૪૫ | સાહેદ સિંઘવ દાનુભાઈ ગોવાભાઈનું સરતપાસનું સોગંદનામુ |
| ૩ | ૪૯ | સાહેદ અજીતકુમાર ગોવિંદભાઈ નાડોદાનું સરતપાસનું સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો:**

| અ.નં. | આંક | દસ્તાવેજી પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | આત્મારામ રણછોડદાસ જાનીએ લખી આપેલ લખાણનો અસલ લેખ |
| ૨ | ૩૧ | મોજે ગામ ટુવડના સીમમાં આવેલ રેવન્યુ સર્વે નં.૭૭૦ ના ગામના નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા |
| ૩ | ૩૨ | મોજે ગામ ટુવડ, તા.સમીમાં આવેલ સીમ સર્વે નં.૭૭૦ ના નમુના નં.૭ નો ઉતારો |

(૭) પ્રતિવાદી દ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રે.દી.મુ નં.૨૫/૨૦૧૭ ના કામે રજુ કરવામાં આવેલ હતો.

**<u>મૌખિક પુરાવો:</u>**

| અ.નં. | આંક નંબર | મૌખિક પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૫૬ | પ્રતિવાદી જાની નટવરલાલ આત્મારામનું સરતપાસનુ સોગંદનામુ |

**<u>દસ્તાવેજી પુરાવો:</u>**

| અ.નં. | આંક નંબર | દસ્તાવેજી પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૫૭ | પ્રતિવાદી નં.૧ નાને નર્મદા નિગમ કચેરી, ચાણસ્મા તરફથી આપવામાં આવેલ ચેકની નકલ |
| ૨ | ૫૮ | મોજે ટુવડ ખાતા નં.૨ ના ગામના નમુના નં.૮ ના ઉતારાની નકલ |
| ૩ | ૫૯ | મોજે ટુવડના સર્વે નં.૭૭૦ ના ગામના નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા |
| ૪ | ૬૦ | મોજે ટુવડના સર્વે નં.૭૭૦ ની રેવન્યુ રેકર્ડમાં પાડેલી નોંધ નં.૨૯૮૩ ની ખરી નકલ |

(૮) વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા વાદી તથા પ્રતિવાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લીધા બાદ અને વાદી તથા પ્રતિવાદી નાઓના વિ.વ.શ્રીઓની દલીલો વંચાણે લીધા બાદ વાદીનો દાવો રદ કરેલ અને તે હુકમ અને હુકમનામાંથી નારાજ થઈને મુળ વાદી દ્વારા હાલની અપીલ દાખલ કરવામાં આવે છે.

(૯) મેમોરેન્ડમ ઓફ અપીલમાં વાદી દ્વારા અપીલ મંજુર કરવા માટે કારણો દર્શાવેલ છે તે નીચે મુજબ છે,

" (૧) આ કામના વિવાદીઓએ મે.પાટણના પ્રિન્સીપાલ સીની.સીવીલ કોર્ટ પાટણ મુકામે તા.૧૧/૬/૨૦૧૩ ના રોજ રે.દિ.મુ.નં–૬૮/૨૦૧૩ થી દાવો દાખલ કરેલ હતો સદર દાવો સીવીલ કોર્ટ સમી મુકામે ટ્રાન્સફર થયેલો અને સદર દાવાને સીવીલ કોર્ટ સમીના રજીસ્ટ્રરે રે.દિ.મુ.નં–૩૭/૨૦૧૪ થી નોંધવામાં આવેલો ત્યારબાદ શંખેશ્વર મુકામે તાલુકા કોર્ટની રચના થતાં સદર દાવો શંખેશ્વર મુકામે ટ્રાન્સફર થયેલો અને શંખેશ્વર કોર્ટના રજીસ્ટરે રે.દિ.મુ.નં–૨૫/૨૦૧૭ થી નોંધાયેલ હતો સદર દાવો મે.પ્રિન્સીપાલ સીવીલ જજ શંખેશ્વરના ઓએ વાદીનો દાવો રદ કરતાં સદર હુકમ વિરુધ્ધ હાલનો આ વિવાદ કરેલ છે.

(૨) વિવાદની ટુંક હકીકત :– આ કામના વિવાદી મોજે ગામ: ટુવડ તા.સમી હાલ તા. શંખેશ્વર,જિ.પાટણ મુકામે રહે છે અને ખેતીવાડીનો ધંધો કરે છે. પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રી મોજે ગામ:ટુવડ મુકામે રહેતા હતા અને તેઓનું વતન હતું પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રીએ મોજે ગામ:ટુવડમાં ટુવડની સીમમાં તેમની સ્વતંત્ર–માલિકી કબજા ભોગવટાનું નામે નદીવાળું જેનો જુનો સર્વે નં–૫૬૦ એકર ૪–૧૩ ગુંઠા વાળું જેનો નવો સર્વે નં–૭૭૦ પડેલ છે તે ખેતર વિવાદી ને રુા.૧૫,૦૦૦/– માં સવંત–૨૦૪૧ ના ચૈત્ર વદ–૫ તા.૯/૪/૧૯૮૫ ના રોજ વેચાણ આપેલ હતું અને સદર ખેતરનો પ્રત્યક્ષ કબજો–ભોગવટો વિવાદીને સોપેલ હતો અને હાલમાં પણ વિવાદવાળા ખેતરમાં વિવાદી જાતે ખેતી કરે છે.

પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રી જાની આત્મારામ રણછોડદાસના ઓને વિવાદીવાળું ખેતર તા.૯/૪/૧૯૮૫ ના રોજ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજારપુરામાં વેચાણ આપેલ તે સંબંધી તેઓએ તા.૯/૪/૧૯૮૫ ના રોજ વેચાણ સંબંધી લખાણ તેમના સ્વહસ્તાક્ષરમાં કરી આપેલ હતું અને તેમાં રુા.૧૫,૦૦૦/– રોકડા વેચાણ પેટે મળેલાની તેમજ તે ખેતરનો કબજો સોંપી માલિકી હકક ઉઠાવી લીધેલાની અને વિવાદવાળા ખેતર સંબંધી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવાની કબુલાત કરેલી હતી.વિવાદીએ વેચાણ દસ્તાવેજ કરાવવા માટે જાની આત્મારામ રણછોડદાસનો સંપર્ક કરવા પ્રયત્નો કરેલા પરંતુ તેઓ ગામ છોડી બીજે જતા રહેલા હોઈ વિવાદી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી શકેલ ન હોતા.

વિવાદીને રેવન્યુ રેકર્ડમાં દાવાવાળા સર્વે નંબર ૭૭૦ ની તપાસ કરતાં વિવાદવાળા ખેતરના હકકપત્રકમાં જાની આત્મારામ રણછોડદાસ તા.૨૫/૫/૯૭ના રોજ મૈયત થતાં પ્રતિવિવાદીઓ એ તેમના વારસદારો તરીકે તા.૨૯/૮/૨૦૧૨ ના

રોજ તેમના નામ દાખલ કરાવેલ હતા.અને પ્રતિવિવાદીઓની તપાસ કરતાં પ્રતિવિવાદીઓ મોજે ગામ ઐઠોર તા.ઉઝા,જી.મહેસાણા મુકામે રહેતા હોવાની માહિતી મળેલ તેથી વિવાદી ઐઠોર ગામે પ્રતિવિવાદી નં–૩,૫ ને મળેલ અને તા.૯/૫/૧૯૮૫ ના કરી આપેલ લખાણના અનુસંધાને વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવતાં પ્રતિવિવાદીઓએ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈન્કાર કરેલો.તેથી વિવાદીએ પ્રતિવિવાદીઓ વિરુધ્ધ દાવો કરેલો અને પ્રતિવિવાદીઓ દાવાવાળા ખેતરનો વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુકમ કરવા તથા વિવાદવાળું ખેતર પ્રતિવિવાદીઓ બક્ષિસ, વેચાણ, ગીરો કે અન્ય કોઈ પણ રીતે હસ્તાંતર કરે નહિ તેમજ સદર ખેતરના કબજામાં હરકત, હેલો, અડચણ કરે નહી તેવો કાયમી મનાઈ હુકમ માટે કરેલો હતો.સદર દાવો મે. શંખેશ્વરના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબનાઓએ રદ કરેલ હોઈ તે હુકમ તથા હુકમનામા વિરુધ્ધ હાલનો આ વિવાદ કરેલ છે તે મંજુર થવાના કારણો નીચે મુજબ છે.

(એ) નીચેની કોર્ટે કરેલ હુકમ કાયદા અને હકીકતો વિરુધ્ધનો હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(બી) નીચેની કોર્ટે દાવાના કામે વિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓનું યોગ્ય મુલ્યાંકન કર્યા શિવાય હુકમ અને હુકમનામું કરેલ હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(સી) નીચેની કોર્ટે આંક–૧૯ થી કાઢેલ મુદાઓની હકીકત જોતાં પણ મુદા નં–૧ 'શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલકત વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે. અને પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકદાર છે.?" મુદા નંબર–૧ ના અનુંસંધાને નીચેની કોર્ટ નકારમાં નિર્ણય કરેલ છે જે હકીકત રેકર્ડમાં રજુ થયેલા પુરાવાથી વિરુધ્ધ નો છે નીચેની કોર્ટમાં આંક–૨૩ થી વિવાદીની જુબાની તથા આંક–૪૫ થી સાહેદ સિંધવ દાનુભાઈ ગોવાભાઈની જુબાની આંક–૪૯ થી સાહેદ અજીતભાઈ ગોવિંદભાઈ નાડોદાની ના.કોર્ટ રુબરુ થયેલ જુબાનીમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે તેઓ ના ખેતર વિવાદવાળા ખેતરની બાજુમાં આવેલ છે અને તેઓ ખેતીવાડી ધંધો કરે છે અને વિવાદ વાળું સર્વે નં–૭૭૦ વાળું ખેતર વિવાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને તેઓ જાતે વાવેતર કરે છે.તે હકીકત પુરાવામાં આવેલ હોવા છતાં નીચેની કોર્ટે તે હકીકતને નહીં માનીને નિર્ણય કરેલ હોઈ નીચેની કોર્ટનો હુકમ પુરાવા વિરુધ્ધનો હોવાનો સાબિત થાય છે તેથી નીચેની કોર્ટનો હુકમ તથા હુકમનામું

રદ થવા પાત્ર છે.

(ડી) નીચેની કોર્ટમાં આંક–૩૦ થી જાની આત્મારામ રણછોડદાસના ઓએ લખી આપેલ લેખમાં વેચાણ સંબંધી તેમજ અવેજ મળ્યા સંબંધી તથા ખેતરનો પ્રત્યક્ષ કબજો સોંપી હકક ઉઠાવી લીધેલાની હકીકત સ્પષ્ટ પણે જણાવેલ હોવા છતાં નીચેની કોર્ટે આંક–૩૦ રજુ થયેલ | પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કર્યા શિવાય નિર્ણય કરેલ હોઈ સદર હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(ઈ) નીચેની કોર્ટે મુદા નં–૨ "શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે? સદર મુદાનો નિર્ણય હકારમાં આપી નીચેની કોર્ટ મહત્વની ભુલ કરેલ છે. નીચેની કોર્ટમાં એ હકીકત પુરાવામાં આવેલ છે કે પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રી એ આંક–૩૦ વાળું લખાણ તા.૯/૪/૮૫ ના રોજ કરી આપેલ હતું ત્યારબાદ પ્રતિવિવાદીના મૈયત પિતાશ્રી ટુંવડ ગામ છોડીને કુંટુંબ સાથે બીજે રહેવા ચાલ્યા ગયા હતા.અને વિવાદીને માહિતી મળતા વિવાદીએ પ્રતિવિવાદીઓને સંપર્ક કરેલો અને પ્રતિવિવાદી ઓએ તા.૧/૬/૨૦૧૩ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી (બી) નીચેની કોર્ટે દાવાના કામે વિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓનું યોગ્ય મુલ્યાંકન કર્યા શિવાય હુકમ અને હુકમનામું કરેલ હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(એફ) નીચેની કોર્ટ મુદા નંબર–૩ વાદીએ લેખીત તેમજ મૌખિક પુરાવાથી પુરવાર કરેલ હોવા છતાં નીચેની કોર્ટ સદર મુદાનો નિર્ણય નકારમાં આપીને કાયદા તથા હકીકતો વિરુધ્ધ નિર્ણય કરેલ હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(જી) નીચેની કોર્ટ પ્રતિવાદી તરફે રજુ થયેલ આંક–૫૭ ના દસ્તાવેજી પુરાવો જેમાં નર્મદા નિગમમાં વિવાદવાળી જમીન સંપાદત થતાં તેમા વળતરનો ચેક પ્રતિવિવાદીઓ ને મળેલ છે તે હકીકત તથા આંક–૬૦ થી રજુ થયેલ રેવન્યુ રેકર્ડના પુરાવા ઉપર આધાર રાખીને માલિકી સંબંધી નિર્ણય કરેલ હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(એચ) મે.શંખેશ્વરના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબના ઓએ રે.દિ.મુ.નં–૨૫/૨૦૧૭ ના કામે તા.૧૦/૪/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ હોઈ અને આજરોજ વિવાદ દાખલ કરેલ હોઈ આ વિવાદને મુદતનો બાધ નડતો નથી.

(આઈ) નીચેની કોર્ટમાં દાવા અરજ ઉપર રૂા.૯,૩૦૦/– નો કોર્ટ ફીઝ સ્ટેમ્પ વાપરેલ હોઈ આ વિવાદ ઉપર રૂ.૯,૩૦૦/– નો કોર્ટ ફીઝ સ્ટેમ્પ વાપયો છે.

(જે) વધુ હકીકત સુનાવણી વખતે રજુ કરીશું.

(૩) સબબ દાદ માંગવાની કે,

(૧) વિવાદીની વિવાદ અરજ મંજુર કરીને મે.શંખેશ્વરના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબનાઓએ રે.દિ.મુ.નં-૨૫/૨૦૧૭ ના કામે તા.૧૦/૪/૨૦૧૮ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામું કાયદા વિરુધ્ધનું હોઈ રદ બાતલ ઠરાવવા મે.થશે તથા

(૨) મોજે ગામ ટુવડ,તા.સમી, જિ.પાટણની સીમમાં આવેલ સર્વે નં-૫૬૦(જુનો) જેનો નવો સર્વે નં-૭૭૦ એકર-૪ ગુઠા-૧૩ વાળા ખેતરનો પ્રતિવિવાદીઓ વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુકમ કરવા મે. થશે.તથા

(૩) પ્રતિવિવાદીઓ વિવાદવાળા સર્વે નં-૭૭૦ એકર-૪ ગુઠા-૧૩ વાળું ખેતર વેચાણ,બક્ષિસ ગીરો કે બીજી કોઈ પણ રીતે હસ્તાંતર કરે કે કરાવે નહિ તેમજ વિવાદીના કબજામાં હરકત કરે નહિ તેવો કાયમી મનાઈ હુકમ આપવા મે.થશે તથા

(૪) આ વિવાદ સંબંધી ના.કોર્ટને યોગ્ય લાગે તે વિશેષ દાદ અપાવવા મે.થશે.''.

**(૧૦)** હાલની રેગ્યુલર દિવાની અપીલ નં.૭૦/૨૦૧૮ ના કામે પ્રતિવિવાદીને નોટીસ બજતા તેઓ આ કામમાં હાજર થયેલ છે.

**(૧૧)** વિવાદીઓ દ્વારા આંક-૧૨ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે :,

''(૧) આ કામના વિવાદીએ મે.પાટણના પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ સાહેબની કોર્ટમાં પાટણ મુકામે તા.૧૧-૦૬-૨૦૧૩ ના રોજ રે.દિ.મુ.નં-૬૮/૨૦૧૩ થી દાવો દાખલ કરેલ હતો. સદર દાવો મે.સમીના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટ સમી મુકામે ટ્રાન્સફર થયેલો અને સદર દાવાને સીવીલ કોર્ટ સમીના રજીસ્ટ્રરે રે.દિ.મુ.નં-૩૭/૨૦૧૪ થી નોંધયેલ હતો. ત્યારબાદ શંખેશ્વર મુકામે તાલુકા કોર્ટની રચના થતાં સદર દાવો શંખેશ્વર મુકામે ટ્રાન્સફર થયેલો અને શંખેશ્વર કોર્ટના રજીસ્ટરે રે.દિ.મુ.નં-૨૫/૨૦૧૭ થી નોંધાયેલ હતો. સદર દાવો મે.પ્રિન્સીપાલ સીવીલ જજ શંખેશ્વરના ઓએ વાદીનો દવાો રદ કરતાં સદર હુકમ વિરુધ્ધ હાલનો આ

વિવાદ કરેલ છે.

(૨) વિવાદીની ટુંક હકીકત :- આ કામના વિવદી મોજે ગામ ટુવડ તા.સમી હાલ તા.શંખેશ્વર, જી.પાટણ મુકામે રહે છે. અને ખેતીવાડીનો ધંધો કરે છે. પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રી મોજે ગામ ટુવડ મુકામે રહેતા હતા અને તેઓનું વતન હતું. પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રીએ મોજે ગામ ટુવડની સીમમાં આવેલ તેમની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાનું નામે નદીવાળુ ખેતર જેનો જુનો સર્વે નંબર-૫૬૦ એકર ૪-૧૩ ગુઠા વાળુ જેનો નવો સર્વે નંબર-૭૭૦ પડેલ છે. તે ખેતર વિવાદીને રૂા.૧૫,૦૦૦/-માં સંવત-૨૦૪૧ ના ચૈત્ર વદ-૫ તા. ૦૯-૦૪-૧૯૮૫ ના રોજ વેચાણ આપેલ હતું અને સદર ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વિવાદીને સોંપેલ હતોઅને હાલમાં પણ વિવાદવાળા ખેતરમાં વિવાદી જાતે ખેતી કરે છે.

પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રી જાની આત્મારામ રણછોડદાસના ઓએ વિવાદી વાળુ ખેતર તા. ૦૯-૦૪-૧૯૮૫ ના રોજ રૂા.૧૫,૦૦૦/અંકે રૂપિયા પંદર હજાર પુરામાં વેચાણ આપેલ તે સંબંધી તેઓએ તા. ૦૯-૦૪-૧૯૮૫ ના રોજ વેચાણ સંબંધી લખાણ તેમના સ્વહસ્તાક્ષરમાં કરી આપેલ હતું અને તેમાં રૂા.૧૫,૦૦૦/- રોકડા વેચાણ પેટે મળેલાની તેમજ તે ખેતરનો કબજો સોંપી માલિકી હક્ક ઉઠાવી લીધેલાની અને વિવાદવાળા ખેતર સંબંધી રજીસ્ટર વેચાણ દસતાવેજ કરી આપવાની કબુલાત કરેલી હતી. વિવાદીએ વેચાણ દસ્તાવેજ કરાવવા માટે જાની આત્મારામ રણછોડદાસનો સંપર્ક કરવા પ્રયત્નો કરેલા પરંતુ તેઓ ગામ છોડી બીજે જતા રહેલા હોઈ વિવાદી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી શકેલ ન હતો.

વિવાદીને રેવન્યુ રેકર્ડમાં દાવાવાળા સર્વે નંબર-૭૭૦ ની તપાસ કરતાં વિવાદવાળા ખેતરના હક્કપત્રકમાં જાની આત્મારામ રણછોડદાસ તા. ૨૫-૦૫-૯૭ ના રોજ મૈયત થતાં પ્રતિવિવાદીઓએ તેમના વારસદારો તરીકે તા.૨૯-૦૮-૨૦૧૨ ના રોજ તેમના નામ દાખલ કરાવેલ હતા. અને પ્રતિવિવાદીઓની તપાસ કરતાં પ્રતિવિવાદીઓ મોજે ગામ ઐઠોર તા.ઉંજા, જી.મહેસાણા મુકામે રહેતા હોવાની માહિતી મળેલ તેથી વિવાદી ઐઠોર ગામે પ્રતિવિવાદી નં-૩,૫ ને મળેલ અને તા.૯-૫-૧૯૮૫ ના કરી આપેલ લખાણના અનુસંધાને વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવતાં પ્રતિવિવાદીઓએ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈન્કાર કરેલો. તેથી વિવાદીએ પ્રતિવિવાદીઓ વિરુધ્ધ દાવો કરેલો અને પ્રતિવિવાદીઓ દાવાવાળા ખેતરનો વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુકમ કરવા તથા વિવાદવાળુ ખેતર પ્રતિવિવાદીઓ બક્ષીસ,

વેચાણ, ગીરો કે અન્ય કોઈ પણ રીતે હસ્તાંતર કરે નહી તેમજ સદર ખેતરના કબજામાં હરકત, હેલો, અડચણ કરે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરેલો હતો. સદર દાવો મે.શંખેશ્વરના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબનાઓએ રદ કરેલ હોઇ તે હુકમ તથા હુકમનામા વિરુધ્ધ હાલનો આ વિવાદ કરેલ છે તે મંજુર થવાના કારણો નીચે મુજબ છે.

(૩) નીચેની કોર્ટે કરેલ હુકમ કાયદા અને હકીકતો વિરુધ્ધનો હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(૪) નીચેની કોર્ટે દાવાના કામે વિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓનું યોગ્ય મુલ્યાંકન કર્યા સિવાય હુકમ અને હુકમનામુ કરેલ હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે.

(૫) નીચેની કોર્ટે આંક–૧૯ થી કાઢેલ મુદ્દાઓની હકીકત જોતાં પણ મુદ્દા નં–૧ શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી મિલકત વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે. અને પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હક્કદાર છે? મુદ્દા નં–૧ ના અનુસંધાને નીચેની કોર્ટ નકારમાં નિર્ણય કરેલ છે જે હકીકત રેકર્ડમાં રજુ થયેલા. પુરાવાથી વિરુધ્ધની છે. નીચેની કોર્ટમાં આંક–૨૩ થી વિદીની જુબાની તથા આંક–૪૫ થી સાહેદ સિંધવ દાનુભાઈ ગોવાભાઈની જુબાની આંક–૪૯ થી સાહેદ અજીતભાઈ ગોવિંદભાઈ નાડોદાની ના.કોર્ટ રૂબરૂ થયેલ જુબાનીમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે તેઓ ના ખેતર વિવાદવાળા ખેતરની બાજુમાં આવેલ છે અને તેઓ ખેતીવાડીનો ધંધો કરે છે અને વિવાદ વાળુ સર્વે નંબર–૭૭૦ વાળુ ખેતર વિવાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને તેઓ જાતે વાવેતર કરે છે. તે હકીકત પુરાવામાં આવેલ હોવા છતાં નીચેની કોર્ટે તે હકીકતને નહી માનીને નિર્ણય કરેલ હોઈ નીચેની કોર્ટનો હુકમ પુરાવા વિરુધ્ધનો હોવાનો સાબીત થાય છે તેથી નીચેની કોર્ટનો હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(૬) નીચેની કોર્ટમાં આંક–૩૦ થી જાની આત્મારામ રણછોડદાસના ઓએ લખી આપેલ લેખમાં વેચાણ સંબંધે તેમજ અવેજ મળ્યા સંબંધી તથા ખેતરનો પ્રત્યક્ષ કબજો સોપી હક્ક ઉઠાવી લીધેલાની હકીકત સ્પષ્ટ પણે જણાવેલ હોવા છતાં નીચેની કોર્ટે આંક–૩૦ રજુ થયેલા પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કર્યા સિવાય નિર્ણય કરેલ હોઈ સદર હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(૭) નીચેની કોર્ટે મુદ્દા નં–૨ શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે? સદર મુદ્દાનો નિર્ણય હકારમાં આપી નીચેની કોર્ટ મહત્વની ભુલકરેલ છે. નીચેની કોર્ટમાં એ હકીકત પુરાવામાં આવેલ છે કે પ્રતિવિવાદીઓના મૈયત પિતાશ્રી એ આંક–૩૦ વાળુ લખાણ તા. ૦૯–૦૪–૮૫ ના રોજ કરી આપેલ હતું. ત્યારબાદ પ્રતિવિદીના મૈયત પિતાશ્રી ટુવડ ગામ છોડીને કુટુંબ સાથે બીજે રહેવા ચાલ્યા ગયા હતા. અને વિવાદીને માહિતી મળતા વિવાદીએ પ્રતિવિવાદીઓનો સંપર્ક કરેલો અને પ્રતિવિવાદી ઓએ તા.૦૧–૦૬–૨૦૧૩ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈન્કાર કર્યા ત્યારથી મુદતની સમય મર્યાદા શરૂ થતી હોવા છતાં નીચેની કોર્ટમાં એ મુદ્દા નં–૨ નો નિર્ણય પ્રતિવાદીઓના લાભમાં આપી દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તેમ માનીને નિર્ણય કરેલ હોઈ સદર નિર્ણય કાયદાથી વિરુધ્ધનો હોઈ રદ થવા પાત્ર છે.

(૭) નીચેની કોર્ટ મુદ્દા નં–૧ થી ૩ ના જે કારણો જણાવેલ છે તેમાં પ્રતિવિાવદી નં–૧ ના મૈયત પતિ તથા પ્રતિવિવાદી નં–૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસે તા.૦૯–૦૪–૧૯૮૫ ના રોજ તેમના સ્વહસ્તાંક્ષરમાં વિવાદવાળુ ખેતર વેચાણ આપ્યા સંબંધી લખાણ કરી આપેલહતું જે લખાણ આંક–૩૦ થી નીચેની કોર્ટમાં રજુ થયેલ છે અને તે લખાણમાં તેઓએ સ્પષ્ટ પણે લખી આપેલ છે કે, વિવાદવાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વિવાદીને સોંપેલ છે. અને તે ખેતરના વેચાણના અવેજ પેટે રૂા. ૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર રોકડા લઈ ખેતર વેચાણ આપ્યું છે. અને તમે હહેશો ત્યારે રજી.દસ્તાવેજ કરી આપીશ અને તે દસ્તાવેજનો કુલ ખર્ચ ગાંડાભાઈ વેલાભાઈ એ કરવાનો છે. અને તે ખેતર ઉપર મારો કોઈ દાવો અલાખો નથી અને માપણામાં થયેલ ભુલ ચુક સુધારીને તમને રજી.દસ્તાવેજ કરી આપીશ તે હકીકત સ્વીકારેલ છે અને તા. ૦૯–૦૪–૧૯૮૫ થી વિવાદ વાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વિવાદીનો છે અને વિવાદી તે ખેતરમાં જાતે વાવેતર કરે છે. પ્રતિવિવાદીઓ સને ૧૯૮૫ પહેલાથી ટુવડ તા.શંખેશ્વર ગામમાં રહેતા નથી. અને કાયમી ધોરણે ઐઠોર તા.ઉંઝા મુકામે રહે છે તે હકીકત રેકર્ડ ઉપર હોવા છતાં નીચેની કોર્ટે વિંવાદીનો કબજો નથી માનાવમા મહત્વની ભુલ કરેલ છે.

(૮) નીચેની કોર્ટમાં આંક–૨૩ થી વાદીની જે જુબાની થયેલી છે તેમાં પણ વિવાદ વાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો વિવાદીનો હોવાનો હકીકત જણાવેલ છે. તથા આંક–૩૦ ના લખાણમાં પ્રતિવિવાદીના ઉલટમાં એ હકીકત જણાવેલ છે કે "એ વાત ખરી નથી કે

આંક–૩૦ ના લખાણમાં આત્મારામભાઈની સહી નથી અને મેં, ભરતી સહી કરાવેલી છે એ વાત ખરી નથી કે મેં આંક–૩૦ વાળુ લખાણ બનાવટી ઉભુ કરેલ છે." આમ આંક–૩૦ વાળા લખાણથી એ હકીકત સાબીત થાય છે કે મૈયત આત્મારામ રણછોડરામ જાનીના ઓએ વિવાદવાળુ ખેતર રૂા.૧૫૦૦૦/–અંકે રૂપિયા પંદર હજારનો અવેજ લઈને વેચાણઆપેલ છે. પરંતુ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરી આપવાનું કબુલેલ હોવા છતાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી. તથા નીચેની કોર્ટમાં આંક–૪૫ થી સાહેદ સિંધવ દાનુભાઈ ગોવાભાઈની જુબાની થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે વાદીઅને પ્રતિવાદીઓને હું ઓળખું છુંઅને ટુવડ તા.શંખેશ્વરની સીમમાં રેવન્યુ સર્વે નંબર–૭૬૯ વાળુ તેમની માલિકીનું ખેતર આવેલ છે. જે ખેતર સરકારી રેકર્ડમાં તેમના સંયુક્ત નામે ચાલે છે. અને તેમનાં તે સર્વે નંબરના ઉત્તરે આ કામના વાદી નાડોદા ગાંડાભાઈ વેલાભાઈની માલિકી કબજા ભોગવટાનું ખેતર સર્વે નંબર–૭૭૦ એકર ૪ ગુઠા ૧૩ વાળુ આવેલ છે. અને તે ખેતર નાડોદા ગાંડાભાઈ વેલાભાઈ એ આત્મારામ રણછોડભાઈ જાની પાસેથી વેચાણ રાખ્યાની હકીકત જણાવેલ છે અને તે ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી નાડોદા ગાંડાભાઈ વેલાભાઈના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને તેમાં તેઓ ખેતી કરે છે. પ્રતિવાદીઓને છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધારે સમયથી તે ખેતરમાં તેઓને વાવેતર કરતાં જોયેલ નથી અને ઘણા સમયથી ટુવડ ગામ છોડીને જતા રહેલા છે.

(૯) નીચેની કોર્ટમાં વાદી તરફે આંક–૪૯ થી સાહેદ અજીતકુમાર ગોવિંદભાઈ નાડોદા (કટારીયા) નાઓ ની જુબાની થયેલ છે તેઓએ પણ તેમની જુબાનીમાં જણાવેલ છે કે મોજે ટુવડ તા.શંખેશ્વરની સીમમાં રેવન્યુ સર્વે નંબર–૭૭૧ વાળુ ખેતર તેમની માલિકીનું આવેલુ છે અને તે ખેતર રેવન્યુ રેકર્ડમાં તેઓના તનામે ચાલે છે અને તે ખેતરની પૂર્વ બાજુ વાદી નાડોદા ગાંડાભાઇ વેલાભાઈ (રથવી) ની માલિકી વ પ્રત્યક્ષ કબજા ભોગવટાનું ખેતર સર્વે નંબર–૭૭૦ એટલે કે વિવાદવાળુ ખેતર આવેલ છે. અને તે ખેતર નાડોદ ગાંડાભાઈ વેલાભાઈએ આત્મારામ રણછોડભાઇ જાની પાસેથી વેચાણ રાખેલાની હકીકત તેઓ જાણે છે અને સદર ખેતરમાં તેઓ છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી ખેતી કરે છે. અને પ્રતિવાદીઓ તે ખેતરમાં ખેતી કરતા કે વાવેતર કરતા જોયેલ નથી અને ઘણા સમયથી ટુવડ ગામ છોડીને જતા રહેલા છે. આમ વાદી તથા સાહેદોની જુબાનીથી એ હકીકત પુરવાર થયેલ છે કે વિવાદવાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો છેલ્લા ત્રીસેક વર્ષ અગાઉથી એટલેકે તા.૦૯–૦૪–૧૯૮૫ થી વિવાદીનો છે તે હકીકત

પુરવાર થયેલ હોવા છતાં નીચેની કોર્ટે તે હકીકત નહી માનવામાં મહત્વની ભુલ કરેલ છે તેથી પણ નીચેની કોર્ટનો હુકમ રદ થવાને પાત્ર છે.

(૧૦) પ્રતિવિવાદી નં–૧ જાની નટવરલાલ આત્મારામની જુબાની થયેલ છે. રેવન્યુ રેકર્ડમાં તેમના નામ હોવાની હકીકત જણાવેલ છે હકીકતમાં મૈયત આત્મારામ રણછોડદાસનાઓએ વિવાદી પાસેથી વિવાદવાળા ખેતરના અવેજના રૂા.૧૫૦૦૦/– લઈને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો વિશ્વાસ આપેલો જે આંક–૩૦ ના દસ્તાવેજી પુરાવાથી સાબીત થયેલ છે. તેઓ ટુવડ ગામમાંથી ઘણા વર્ષોથી જતા રહેલા હોઈ વેચાણ દસ્તાવેજ થઇ શકેલ ન હતો. અને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થાય નહી ત્યાં સુધી રેવન્યુ રેકર્ડમાં વિવાદીનું નામ દાખલ થઈ શકે નહી અને તેટલાજ માટે વિવાદીએ વેચાણ દસ્તાવેજ પ્રતિવિવાદીઓ કરી આપે તે માટે દાવો કરેલ છે તથા પ્રતિવિવાદીઓના કથન મુજબ દાવાવાળી જમીનમાં નર્મદા કેનાલમાં સંપાદિત થયેલ જમીનુન વળતર પ્રતિવાદીઓને મળેલ છે રેવન્યુ રેકર્ડમાં પ્રતિવિવાદીઓનું નામ ચાલતુ હોવાના કારણે વળતરની રકમ પ્રતિવાદીઓને મળેલ છે. વળતરની રકમ પ્રતિવાદીઓને મળવાથી આંક–૩૦ નો દસ્તાવેજ ખોટો સાબીત થતો નથી. પ્રતિવાદીઓ દાવાવાળા ખેતરમાં કબજો ધરાવે છે તેઓ કોઈ પુરાવો રજુ થયેલ ન હોવા છતાં દાવાવાળા ખેતરનો કબજો પ્રતિવિવાદીનો હોવાની હકીકત નીચેની કોર્ટમાનીને નિર્ણય કરેલ હોઈ સદર હુકમ રદ થવા પાત્ર છે. મુદ્ધા નંબર–૧ વિવાદીએ સાબીત કરેલ હોવાછતાં નીચેની કોર્ટ તે મુદ્ધાનો

(૧૧) નીચેની કોર્ટમાં આંક–૧૯ થી ઉપસ્થિત કરેલ મુદ્ધો “શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે?" સદર મુદ્ધાનો નિર્ણય પ્રતિવાદી તે હકીકત પુરવાર કરી શકેલ ન હોવા છતાં હકારમાં આપીને નિર્ણય કરેલ હોઈ તે કારણ વિરુધ્ધ છે સમય મર્યાદા અનિયમ આર્ટિકલ ૫૪ ની જોગવાઈ મુજબ હકારના વિશિષ્ટ પાલન માટે દાવો કરારમાં નિયત થયેલી તારીખથી ત્રણ વર્ષમાં દાવો લાવવો જોઇએ તથા જો કરારમાં કોઈ તારીખ નિયત કરવામાં આવેલ ન હોય તો કરારના અમલનો ઈન્કાર કરવામાં આવ્યાની વાદીને જાણ થાય ત્યારથી ત્રણ વર્ષમાં દાવો કરી શકાશે તેવી જોગવાઈ છે.

વિવાદીની આંક–૧ ના દાવા અરજમાં ના પેરા–૫ માં જે દાવાનું કારણ બતાવેલ છે તેમાં મોજે ગામ ટુવડ તા.સમી જી.પાટણ મુકામે સર્વે નંબર–૭૭૦ હે.આરે.ચો.મી. ૧–૧૫–૩૪ એકર ૨–૩૪ ગુઠાવાળી જમીન આવેલ છે. જેનો જુનો

સર્વે નંબર–૫૬૦ હતોજે પ્રતિવાદી મૈયત આત્મારામ રણછોડદાસના ખાતે હતો. તેમને અમો વાદીને તા.૦૯–૦૪–૧૯૮૫ ના રોજ વેચાણ આપેલ હતો. ત્યારબાદ પ્રતિવાદી મોજે ગામ ટુવડ છોડીને બીજે ગામ રહેવા ગયેલા અને અમોને જાણ થતાં મોજે ગામ ઐઠોર તા.ઉંઝા મુકામે તા. ૧–૬–૨૦૧૩ ના રોજ પ્રતિવાદીઓને મળતાં સદર ખેતરનો વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે કહેલ તો પ્રતિવાદીઓએ અમો વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપવાની ચોખ્ખી ના પાડેલ અને અમોને મારી નાખવાની ધમકી આપેલ અને અપમાનીત કરીને કાઢી મુકેલા ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આજ હકીકતે વાદીએ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે તેની જુબાનીમાં પ્રતિવાદી તરફે તે હકીકતને પ્રતિવાદીની આંક–૫૬ થી આપેલ જુબાનીમાં પણ તે હકીકતને ડીનાયલ કરેલ નથી કે ઉલટતપાસમાં ડીનાયલ કરવામાં આવેલ નથી કે તે સંબંધી વાદીને કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી તથા તેથી તારીખ૧–૬–૧૩ ના રોજ વાદીને દાવાની જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવાની ના પાડેલ હોવાની હકીકત ખરી છે.

`મુદ્દા સંબંધી હકીકત જોઈએ તો આંક–૩૦ ના દસ્તાવેજમાં વેચાણ દસ્તાવેજ કયારે કરી આપવો તેની કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ નથી કે તે લખાણમાં ઉલ્લેખ પણ કરેલ નથી. તેથી લીમીટેશન એકટના આર્ટીકલ ૫૪ મુજબ કરારના પાલન માટે તારીખ નક્કી ન હોય તો ૩૨/૨ ને નકારવામાં આવે તેના ત્રણ વર્ષમાં વાદી દાવો કરી શકે. વિવાદ વાળા કેસમાં પ્રતિવાદીઓએ તા. ૧–૬–૨૦૧૩ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપવાની ના પાડેલ તેથી વાદીએ તારીખ ૧૧–૬–૨૦૧૩ ના રોજ દાવો દાખલ પાટણ કોર્ટમાં કરેલ હતો. તેથી આ દાવાને સમય મર્યાદાનો બાધ નડતો નથી. તેમ છતાં નીચેની કોર્ટ દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાની હકીકત માનીને નિર્ણય કરેલ હોઇ સદર હુકમ રદ થવાને પાત્ર છે. ।। ૧૦ ।।

(૧૨) આમ નીચેની કોર્ટમાં થયેલ પુરાવાનું મુલ્યાંકન કર્યા સિવાય ના.નીચેની કોર્ટ હુકમ તથા હુકમનામુ કરેલ હોઈ સદર હુકમ તથા હુકમનામું કાયદા પ્રમાણે રદ થવા પાત્ર છે.

(૧૩) અમો વિવાદીની આ લેખીત દલીલો તથા વિવાદ અરજીની હકીકતો ચાને લઈ વિવાદીનો વિવાદ મંજુર કરી મે.શંખેશ્વરના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબ મુ.શંખેશ્વરનાઓએ રે.દિ.મુ.નં–૨૫/૨૦૧૭ ના કામે તા. ૧૦–૦૪–૨૦૧૮ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામુ કાયદા વિરુધ્ધનું હોઇ રદ બાતલ ઠરાવવા વિનંતી છે. ''.

**(૧૨)** પ્રતિવિવાદીઓ ધ્વારા આંક–૧૦ દલીલો રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબની છે :,

'' (૧) અમો પ્રતિવિવાદીઓના અમારી લેખિત દલીલો વિનમ્રતાપૂર્વક સાદર કરીએ છીએ કે– આ કામના વિવાદીએ અમો પ્રતિવિવાદીઓ ઉપર મે. શંખેશ્વરના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રેગ્યુલર દિવાની મુકદ્દમા નં. ૨૫ / ૨૦૧૭ થી વિશિષ્ઠ કરારના પાલન (સ્પેસીફીક પરર્ફોમન્સ) માટેનો દાવો દાખલ કરવામાં આવેલો હતો. વિવાદીનો દાવો નામ.કોર્ટ તરફથી પુરાવો લીધા બાદ તા.૧૦–૦૪–૨૦૧૮ના રોજ રદ કરવામાં આવેલો હતો. જેના આખરી હુકમ અને હુકમનામાં વિરૂધ્ધ હાલના વિવાદીએ આપ નામ.કોર્ટમાં હાલની અપીલ અમો પ્રતિવિવાદી વિરૂધ્ધ દાખલ કરેલી છે.

દલીલોની સરળતા ખાતર અમોએ વિવાદીને મુળ વાદી અને પ્રતિવિવાદીને મુળ પ્રતિવાદી તરીકે અમારી આખરી દલીલોમાં સંબોધેલા છે.

(૨) આ કામે નીચે મુજબનો લેખિત તેમજ મૌખિક પુરાવો લેવામાં આવેલો છે.

| <u>આંક</u> | <u>વિગત</u> |
|---|---|
| ૦૧ થી | દાવા અરજી તા. ૨૨–૪–૨૦૦૯ |
| ૧૧ થી | પ્રતિવાદીનો વાદીની દાવા અરજીનો આપેલો જવાબ |
| ૧૯ થી | મુદ્દા |
| ૨૩ થી | વાદી –નાડોદા રથવી ગાંડાભાઈ વેલાભાઈની થયેલી જુબાની |
| ૪૫ થી | વાદી ના સાહેદ દાનુભાઈ ગોવાભાઈની જુબાની |
| ૩૦ થી | આત્મારામ રણછોડદાસ જાનીનું લખાણ. |
| ૩૧ થી | મોજે ટુવડની સીમના સને ૧૯૯૨–૯૩ના રોજનો રે.સ.નં. ૭૭૦ ના ગામના નમુના નં.૭ અને ૧૨ના ઉતારો |
| ૩૨ થી | મોજે ટુવડની સીમના સને ૧૯૯૨–૯૩ના રોજનો રે.સ.વ.૭૭૦ ના ગામના નમુના નં.૭ના ઉતારો |
| ૪૯ થી | વાદીના સાહેદ અજીતકુમાર ગોવિંદભાઈ નાડોદા (કટારીયા)ની જુબાની |
| ૫૬ થી | પ્રતિવાદી જાની નટવરલાલ આત્મારામની જુબાની (૩) |
| ૫૭ થી | પ્રતિવાદી નં. ૧ નાને નર્મદા નિગમ કચેરી ચાણસ્મા તરફથી આપવામાં આવેલા ચેકની નકલ |

૫૮ થી મોજે ટુવડની સીમના ગામના નમુના નં. ૮– (અ)ના ઉતારની નકલ.

૫૯ થી મોજે ટુવડની સીમના રે.સ.વ.૭૭૦ ના ગામના નમુના નં.૭ અને ૧૨ના ઉતારો

૬૦ થી મોજે ટુવડની સીમના રે.સ.વ.૭૭૦ ના રેવન્યુ રેકર્ડમાં પાડેલી નોંધ નં. ૨૯૮૩ની ખરી નકલ.

ઉપર મુજબની મૌખિક તેમજ લેખિત પુરાવાઓ ચાલુ કામ દરમ્યાન પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલા હતા.

(૩) વાદીની દાવાની હકીકત એવી છે કે મોજે ટુવડ તા. સમી.હાલ તા.–શંખેશ્વર જી.પાટણની સીમમાં આવેલ રેવન્યુ ખાતા નં.૦૨ માં સમાવેશ થયેલી રેવન્યુ સર્વે નં.૫૬૦ (જુનો) જેનો નવો રેવન્યુ સર્વે નં. ૭૭૦ વાળી એકર ૪–૧૩ ગુઠાંવાળી ખેતીની જમીન વાદીના કહેવા પ્રમાણે તેઓઓએ સવંત ૨૦૪૧ ના ચૈત્ર વદ–૫ ને તા. ૯–૪–૧૯૮૫ ના રોજ રૂા. ૧૫,૦૦૦/–પંદર હજારમાં પ્રતિવાદીઓના વડિલ જાની આત્મારામ રણછોડરામ પાસેથી વેચાણ રાખેલી છે, જે વણનોંધાયેલા વેચાણના લખાણ આધારે વાદીને દાવાવાળી મિલ્કતનો પાકા નોંધાયેલો વેચાણ લેખ કરી આપે તે માટેનો વિશિષ્ટ પાલનના કરાર માટેનો દાવો અમો પ્રતિવાદીઓ ઉપર કરેલો છે. વાદી તરફથી આંક–૩૦ થી લખાણ રજુ કરવામાં આવેલ છે. આંક–૩૧ થી દાવાવાળી રે.સ.નં. ૭૭૦ના ગામના નમુના નં. ૭ અને ૧૨ ની નકલ રજુ છે.તેમજ આંક–૩૨ થી દાવાવાળી રે.સ.નં. ૭૭૦ના ગામના નમુના નં. ૭ ની નકલ રજુ છે.ઉપરોકત બન્ને આંક–૩૧ અને આંક–૩૨માં અમો પ્રતિવાદીઓના નામો માલીકી અને કબજા ભોગવટાના હકકે રેવન્યુ રેકર્ડમાં ચાલુમાં છે.

(૪) અમો પ્રતિવાદીઓ તરફે મુળ દાવાના કામે આંક–૧૧ થી વિગતવાર જવાબ આપવામાં આવેલો છે.અમોએ આપેલા આંક–૧૧ના જવાબમાં અમારી સ્પષ્ટ તકરાર છે કે દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની આવેલી છે.જેનો વાદીએ તા. ૯–૪–૧૯૮૫ના રોજનો ખોટો કાચો વેચાણ લેખનું લખાણ ઉભુ કરી દાવાવાળી મિલ્કત પડાવી લેવાનો પ્રયત્ન કરી રહેલા છે. આમ તા. ૯–૪–૧૯૮૫ના રોજના લખાણનો અમલ કરવાનો દાવો લગભગ ૨૮ વર્ષ પછી અમો પ્રતિવાદીના વડીલ આત્મારામ રણછોડદાસના અવસાન બાદ દાખલ કરેલો છે. અમો પ્રતિવાદીના પિતાએ વાદીએ રજુ કરેલા આંક–૩૦ વાળું લખાણ લખી આપેલું નથી કે તે કહેવાતા

વેચાણના લખાણમાં અમારા પિતાના હસ્તાક્ષરો નથી, અમારા વડીલે કરી આપેલુ નથી.અમો પ્રતિવાદીના વડીલ જાની આત્મારામ રણછોડદાસનું તા.૨૫-૫-૧૯૯૭ ના રોજ અવસાન થયેલ છે. તેથી અમો પ્રતિવાદીઓએ અમારા માલીકી કબજા ભોગવટામાં આવેલી દાવાવાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડમાં મૈયત આત્મારામ રણછોડદાસના સીધી લીટીના તમામ વારસદારોના નામો વારસાઈ હકકે દાખલ કરવાની અરજી આપેલી હતી.જેના આધારે રેવન્યુ રેકર્ડમાં અમો પ્રતિવાદીઓના મૈયત પિતાના તમામ વારસદારોના નામો યાને હાલના તમામ પ્રતિવાદીઓના નામો કાયદેસરની તમામ પ્રક્રિર્યા કર્યા પછી દાખલ કરવામાં આવેલા છે.જેની નોંધ નં-૨૯૮૩ની તા.૨૯-૮-૧૨ના રોજથી પ્રમાણિત કરવામાં આવેલી છે.જે નોંધ-૨૯૮૩ થી આંક-૬૦ થી રજુ કરવામાં આવેલી છે.

બીજી હકીકત એવી છે કે અમો પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાવાળી દાવાવાળી જમીન પૈકીની કેટલીક જમીન સરદાર સરોવર નર્મદા નિગમ લિ.નાએ કેનાલના જાહેર હેતુ માટે જમીન સંપાદન કરેલી હતી. જે સંપાદીત થયેલી જમીનના એવોર્ડ પ્રમાણેની વળતરની રકમ રૂા.૧૦,૩૭૪/-તા.૨૯-૮-૧૨ના રોજના એસ. બી. આઈ. બેન્કના ચેકનંબર-૦૬૫૨૪૪ મારફતે એકઝીક્યુટીવ એન્જીનીયરશ્રી કચ્છ કેનાલ ડિવિઝન નં.૧/૫ ચાણસ્મા તરફથી અમો પ્રતિવાદી નં.૧ નર્મદાબેન આત્મરામ જાનીનાને ચેકથી ચુકવવામાં આવેલા છે. જે ચેકની નકલ આ કામે આંક-૫૭ થી રજુ કરવામાં આવેલી છે.તેમજ આંક-૫૮થી અમો પ્રતિવાદીઓના નામનો માલીકી દર્શાવતો પુરાવો યાને દાવાવાળી મિલ્કતનો નમુના નં. ૮ (અ) ની નકલ રજુ કરેલી છે.આમ દાવાવાળી મિલ્કતનો માલીકી કબજો ભોગવટો અમો પ્રતિવાદીઓની હોવાની હકીકત અમો પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતની માલીકી કબજો ભોગવટો લેખિત દસ્તાવેજોથી તેમજ માખિક આંક-૫૬ ની જુબાનીથી સાબીત કરેલી છે.તેથી જયારે લેખિત પુરાવો કામમાં રજુ કરવામાં આવેલો હોય તો તેવા લેખિત પુરાવાને વધુ મહત્વ આપવામાં આવે છે. આ સબંધી પુરાવાના અધિનિયમની કલમ-૧૦૧ સાબીતીની બોજો અને કલમ-૧૦૨ પ્રમાણે સાબિતીનો બોજો કોના ઉપર રહેલો છે. તે જોવાનું રહેશે.

(૫) આ કામે વાદીએ આંક-૨૩ થી જુબાની આપેલી છે.જે જુબાનીની ઉલટ તપાસ દરમ્યાન વાદીએ કબુલ કરેલ છે કે..." એ વાત ખરી છે કે આંક-૩૦ થી રજુ કરેલ લખાણમાં સાક્ષીની સહી નથી. એ વાત ખરી છે કે અમારા જણાવ્યા મુજબ અમોએ

તકારી મિલ્કત રૂા. ૧૫,૦૦૦/–માં વેચાણ લેવાનું આંક–૩૦ માં લખાણ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આંક–૩૦ વાળા લખાણની નકલ મારી પાસે હતી. એ વાત ખરી છે કે દાવાવાળી મિલ્કતમાંથી નર્મદા કેનાલ પસાર થાય છે. એ વાત ખરી છે કે આ દાવાવાળી મિલ્કતમાંનો કેટલોક ભાગ સંપાદન કરવામાં આવેલો છે. એ વાત ખરી છે કે આ સંપાદન પેટે રૂા. ૧૦,૩૭૪/– જાની નર્મદાબેન આત્મારામને સંપાદન અધિકારી તરફથી ચુકવવામાં આવેલા છે.....''

''....... એ વાત ખરી છે કે, આત્મારાભાઈનું અવસાન થયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તારીખ મને ખબર નથી પણ હું લોકાચારે ગયેલો છું. એ વાત ખરી છે કે આત્મારામભાઈ ગુજરી જતાં રેવન્યુ રેકર્ડે વારસાઈ નોંધ નં. ૨૯૮૩ થી તેમના વારસદારોના નામો દાખલ થયેલા છે.જેના ઉતારાની નકલ આંક–૩૨ થી રજૂ છે. એ વાત ખરી છે કે આંક–૩૦ ના લખાણના આધારે મેં હાલનો દાવો ૨૮ વર્ષ બાદ દાખલ કરેલો છે......" એ વાત ખરી છે કે દાવાવાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડમાં મારુ નામ દાખલ થયેલ હોઈ તેવો એકપણ આધાર પુરાવો મેં આ દાવાના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે કોઈ પણ ખેડૂત ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ ખેતીની જમીન રાખી શકે. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિત ખેડૂત પોતાની ખેતની જમીનની બીજા વ્યકિત પાસેથી ખેતી કરાજી શકે...."

(૬) વાદી તરફથી આંક–૪૫ થી સિંધવ દાનુભાઈ ગોવાભાઈની જુબાની લેવામાં આવેલી છે. તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત બહાર આવેલી છે કે ." એ વાત ખરી છે કે આ નહેર નીકળી તેની જમીન સંપાદન થઈ તેના પૈસા પ્રતિવાદીઓને મળેલા છે...." આ સાહેદની જુબાની વાદીની વિરૂધ્ધમાં અને અમો પ્રતિવાદીઓની તરફેણમાં છે.

(૭) વાદી તરફથી આંક–૪૯ થી નાડોદા અજીતકુમાર ગોવિદભાઈની જુબાની લેવામાં આવેલી છે. તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત બહાર આવેલી છે કે ." એ વાત ખરી છે કે આ નહેર નીકળી તેની જમીન સંપાદન થઈ તેના પૈસા પ્રતિવાદીઓને મળેલા છે...." આ સાહેદની જુબાની વાદની વિરૂધ્ધમાં અને અમો પ્રતિવાદીઓની તરફેણમાં છે.

આમ વાદીની ઉલટ તપાસ અને તેઓના સાહેદોની જુબાની લેખિત પુરાવાને ખંડન કરવામાં અસમર્થ રહેલી છે. તેથી વાદીએ પોતાનો દાવો સાબીત

કરવામાં નિષ્ફળ ગયેલા હોવાથી નામ. નીચેની કોર્ટે દાવો રદ કરતો જે આખરી હુકમ અને હુકમનામું કરેલ છે તે યોગ્ય અને કાયદેસરનો હુકમ છે.

આ કામે આંક–૫૭ થી પ્રતિવાદી નં. (૩) જાની નટવરલાલ આત્મારામની ૫૬ નાએ આ કામે જુબાની આપેલી છે. વાદી તરફથી પ્રતિવાદીની ઉલટ દરમ્યાન કોઈ મહત્વની હકીકત બહાર કઢાવી શકવામાં સંદતર નિષ્ફળ રહેલા છે.

(૬) આ કામે આંક–૧૯ થી નામ કોર્ટ મારફતે મુદ્ધાઓ કાઢવામાં આવેલા છે. જે નીચે મુજબ છે.જેમાં મુદ્ધા નં.૧ સાબીતો બોજી વાદી ઉપર છે. જયારે મુદ્ધા નં.૨નો સાબીતીનો બોજો અમદ પ્રતિવાદીઓ ઉપર છે.

મુદ્ધા નં.૧ :– શું વાદી પુરાવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટા માં છે અને તેઓ પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકકદાર છે.?

મોજે ટુવડની સીમના રે.સ.નં.૭૭૦વાળી મિલ્કતના આંક–૩૧ થી સને ૧૯૯૨–૯૩ ની સાલના દાવાવાળી મિલકતના ૭ અને ૧૨ના ઉતારાની ખરી નકલ તથા આંક–૩૨ થી સને ૧૯૯૨–૯૩ની સાલના દાવાવાળી મિલકતના ૭ની નકલ રજુ કરેલી છે. તેથી ૧૯૮૫ થી દાવાવાળી મિલ્કત તેમના કબજા ભોગવટામાં આવેલ હોવાનું પુરવાર કરી શકેલા નથી. બન્ને દસ્તાવેજોમાં હાલના વાદીનું નામ જણાવામાં આવેલ નથી. પરંતુ અમો પ્રતિવાદીના વડીલ અને તેમના તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારોના નામો માલીકી અને કબજા ભોગવટાના આધારે ચાલુમાં છે. વધુમાં આ દાવાવાળી જમીનનો કેટલોક ભાગ જાહેર હેતુ માટે નર્મદા કેનાલ માટે સંપાદીત કરવામાં આવેલો છે. જે સંપાદીત થયેલી જમીનના એવોર્ડ પ્રમાણેની વળતરની રકમ રૂા. ૧૦,૩૭૪/–તા.૨૯–૮–૧૨ના રોજના એસ.બી.આઈ. બેન્કના ચેક નંબર –૦૬૫૨૪૪ મારફતે એકઝીકયુટીવ એન્જીનીયરશ્રી કચ્છ કેનાલ ડિવિઝન નં. ૧/૫ ચાણસ્મા તરફથી અમો પ્રતિવાદી નં.૧ નર્મદાબેન આત્મરામ જાનીનાને ચેકથી ચુકવવામાં આવેલા છે. જે ચેકની નકલ આ કામે આંક–૫૭ થી રજુ કરવામાં આવેલી છે. તેમજ આંક–૫૮થી અમો પ્રર્તિવાદીઓના નામનો માલીકી દશાવતો પુરાવો યાને દાવાવાળી મિલ્કતનો નમુના નં.૮ (અ) ની નકલ રજુ કરેલી છે.આમ દાવાવાળી મિલ્કતનો પ્રત્યક્ષ માલીકી કબજો ભોગવટો અમો પ્રતિવાદીઓની હોવાની હકીકત અમો પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતની માલીકી કબજો ભોગવટો લેખિત દસ્તાવેજોથી તેમજ મૌખિક રીતે આંક–૫૬ની જુબાનીથી સાબીત કરેલી છે. આમ

ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે વાદી પોતાનો કબજો ભોગવટો હોવાનો સાબીત કરી શકેલા નથી. આમ,મુદ્દા નં.૧ સાબીત કરવામાં વાદી સદંતર નિષ્ફળ ગયેલા છે. તેથી નામ. નીચેની કોર્ટે સદર મુદ્દો નકારમાં ઠરાવેલ છે તે યોગ્ય અને કાયદેસરનો છે. તેથી સદર મુદ્દાનો જવાબ નકારમાં આપવા મે.થશે.

મુદ્દા નં.૨ :– શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે.?

વાદીએ હાલના દાવામાં આંક–૩૦થી તા.૦૯–૦૫–૧૯૮૫ના રોજના કહેવાતા નોંધાયા વગરના વેચાણ લખાણ આધારે પ્રતિવાદીઓ વેચાણ દસ્તાવેજ કરી આપે તે અંગેનો વિશિષ્ટ પાલનના કરારનો અમલ કરવા માટેનો દાવો અમો પ્રતિવાદીઓ ઉપર ૨૮ વર્ષના લાંબા સમય ગાળા બાદ કરવામાં આવેલો છે.

સદરહું મુદ્દાની ચર્ચા કરતાં પહેલા લીમીટેશન એકટની આર્ટીકલ–૫૪ની ચર્ચા કરવી ખુબ જ જરૂરી છે. લીમીટેશન એકટની આર્ટીકલ–૫૪નીચે મુજબ છે.

<u>LIMITATION ACT ARTICAL–54</u>

For Specific performance, of a contract **<u>Three year</u>** The date fixed for performance, or if no such date is fixed when the plaintiff has notice that performance is refused.

આ કામના વાદીએ હાલનો દાવો તા. ૯–૫–૧૯૮૫ના નોંધાયા વગરના કહેવાતા વેચાણ કરાર આધારે કરારના વિશિષ્ટપાલન માટેનો દાખલ કરેલો છે. તેથી કરારના વિશિષ્ટ પાલન માટેના દાવો નિયત તારીખથી ત્રણ વર્ષમાં કરવો પડે. તેમજ જો કરારમાં કોઈ નિયત તારીખ કરવામાં આવી ન હોય તો કરારનો અમલનો ઈન્કાર કરવામાં આવ્યાની વાદીને જાણ થાય ત્યારથી ત્રણ વર્ષમાં દાવો કરી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે. આ કામમાં વાદીએ આંક–૩૦ થી રજુ કરેલા દસ્તાવેજી પુરાવો વંચાણે લેવામાં આવે તો તે વેચાણ લેખ અંગે હોવાનું જણાય છે. પરંતુ હાલના આંક–૩૦ વાળા દસ્તાવેજમાં દાવાવાળી મિલકતનું પાર્ટ પેમેન્ટ કરી ભવિષ્યમાં દાવાવાળી મિલ્કતનું પાર્ટ પેમેન્ટ કરવામાં આવે ત્યારે દાવાવાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપવામાં રહેશે તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

વધુમાં આ કામના વાદીએ આંક–૧ વાળી દાવા અરજીમાં તા. ૧–૬–૨૦૧૩ ના રોજ . આ કામના પ્રતિવાદીઓને મળી દાવાવાળી મિલ્કતનો દસ્તાવેજ કરવા જણાવતા આ કામના પ્રતિવાદીઓએ ના પાડી હોવાનું જણાવેલુ છે.વાસ્તવમાં પ્રતિવાદીઓએ તા. ૦૧–૦૬–૨૦૧૩ ના રોજ વાદીઓને વેચાણ દસ્તાવેજ કરવાની

ના પાડી તે સંબંધી કોઈ નોટીસ વાદી તરફથી આપવામાં આવેલી નથી કે અમો પ્રતિવાદીઓએ વાદીને ના પાડી હોવાનો કોઈ આધાર પુરાવાઓ વાદી તરફથી આ કામે રજુ કરવામાં આવેલા નથી. આમ માત્ર વાદીએ હાલનો દાવો મુદતમાં લાવવા સારૂ દાવાનું કારણ તા. ૧–૬–૨૦૧૩ ના રોજ ઉત્પન્ન થયેલ હોવાનું જણાવેલ છે.

આ કામે અમો પ્રતિવાદીઓ તરફથી નામ. ગુજરાત હોઈકોર્ટે બેચરભાઈ ઝવેરભાઈ પટેલ વિરૂધ્ધ જશાભાઈ શીવાભાઈ પટેલ નું પ્રસિબ્ધ થયેલ ૨૦૧૩(૧) ગુજરાત લોં રીપોર્ટર પાન નં. ૩૯૮ રજૂ કરેલ છે.

આ જજમેન્ટમાં નામ.ગુજરાત હાઈકોર્ટે માનેલ છે કે, માત્ર ચતુરાઈપૂર્વક તૈયાર કરવામાં આવેલા પ્લીડીંગથી સમય મર્યાદા બહારનો દાવો વાદી સમય મર્યાદામાં લાવી શકાતા નથી તેવું પ્રતિપદન કરવામાં આવેલ છે. હાલના કેસમાં વાદીએ તા.૯–૫–૧૯૮૫ના રોજના નોંધાયા વગરના વેચાણના લેખને ૨૮ વર્ષ પછી સમય મર્યાદામાં લાવવા માટે તા.૦૧–૦૬–૨૦૧૩ ના રોજનું ખોટું કારણ ઉભુ કરીને દાવો દાખલ કરવામાં આવેલો છે. આમ દાવા અરજીમાં ખોટું દાવાનું કારણ ઉભું કરવાથી વાદીનો દાવો મુદતમાં આવી શકતો નથી.

વધુમાં આંક–૩૦ વાળી કહેવાતો લેખમાં માલીકી હકક હસ્તાંતર થતો હોવા અંગેનો વેચાણ સંબંધીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેથી આંક–૩૦ પ્રમાણે મિલકત જો તબદીલ થતી હોય અને તે મિલ્કતની કિંમત રૂા. ૧૦૦/– વધારે હોય તો તેવી મિલ્કતના માલીકી હકકો તબદિલ થતાં હોય તો તેવા લેખોને રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ ની જોગવાઈઓ લાગુ પડે છે.સદર કહેવાતો આંક–૩૦ વાળો લેખ રજીસ્ટ્રેશન કરાવવો ફરજીયાત હોવા છતાં કરવામાં આવેલો નથી.વળી રજુ કરવામાં આવેલો આંક–૩૦ વાળો સ્ટેમ્પ સાદા કાગળ ઉપર લખવામાં આવેલો છે. તેથી સ્પેમ્પ એકટની કલમ–૩૫ મુજબ પણ ગ્રાહર્ય રાખવા પાત્ર થતો નથી. આમ વાદીએ હાલનો દાવો ૨૮ વર્ષ પછી ખોટું દાવાનું કારણ જણાવીને દાખલ કરેલો હોવાથી વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. તેથી નામ. નીચેની કોર્ટે સદરનો મુદ્દો નકારમાં ઠરાવેલો છે. તે યોગ્ય અને કાયદેસરનો છે. આમ વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે.

મુદ્દા નં.૩ :– શું વાદી પુરવાર કરે છે કે તેઓ માગ્યાં મુજબની દાદ મેળવવા હકકદાર છે.?

મુદ્દા નં.૪ :– શું હુકમ અને હુકમનામું ?

ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે વાદીએ કરેલો રે.દિ.મુ.નં. ૨૫/૨૦૧૭ના

દાવાને લીમીટેશન એકટના આર્ટીકલ–૫૪ પ્રમાણે મુળથી મુદત બહારનો હોવાથી નામ.નીચેની કોર્ટે વાદીનો દાવો મુદત બહારનો ગણીને જે આખરી ચુકાદો આપેલો છે તે યોગ્ય અને કાયદેસરનો છે. તેથી વાદીએ દાવામાં માંગ્યા પ્રમાણેની માંગ મળવા પાત્ર નથી. આમ, મુદત બહારના દાવાના આખરી ઠરાવ ઉપર કરવામાં આવેલી હાલની અપીલને પણ ઉપરોકત લીમીટેશન એકટના આર્ટીકલ–૫૪ નો બાધ નડતો હોઈ વિવાદીની અપીલ પણ મુદત બહાર હોઈ ખર્ચસહ નામંજુર કરવા મે. થશે.''.

**(૧૩)** વિવાદીનો અપીલ મેમો તથા તેમાં દર્શાવેલ કારણો, વિવાદી તથા પ્રતિવિવાદીની દલીલો તથા રે.દી.મુ નં.૨૫/૨૦૧૭ નું રેકર્ડ વંચાણે લેતા મારા ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

(૧) શું વિવાદી પુરાવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકત વિવાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને તેઓ પ્રતિવિવાદીઓ પાસેથી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકકદાર હોવા છતાં તેમજ સમય મર્યાદાનો બાધ નડતો ન હોવા છતા તેવું ન ઠરાવી આપી મે. પ્રિન્સીપાલ સિવિલ જજ, શંખેશ્વર નાઓએ રે.દિ.મુ. નં.૨૫/૨૦૧૭ ના કામે તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું કાયદા વિરૂઘ્ધનું, અયોગ્ય અને મનસ્વી છે? જો હા, તો તે રદ થવા પાત્ર છે અને અપીલ મંજુર થવા પાત્ર છે?

(૨) શું હુકમ અને શું હુકમનામું?

**(૧૪)** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાય નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના ન્યાય નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧**

**(૧૫)** સદરહું અપીલના કામે અપીલ મેમોરેન્ડમ, બંને પક્ષોની દલીલો તથા દાવાના કામે બંને પક્ષના પક્ષ નિવેદનો, મૌખિક જુબાની અને દસ્તાવેજી પુરાવો વંચાણે લીધેલ છે. રે.દિ.મુ.નં.૨૫/૨૦૧૭ ના કામે વાદી તરફે દાવાવાળું સર્વે નં.૭૭૦ વાળું ખેતર આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં. ૨ થી ૭ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસે તા.૦૯/૦૪/૧૯૮૫ ના રોજ પોતાના સ્વહસ્તાક્ષરમાં વેચાણ સબંધી લખાણ કરી તેઓને વેચાણ આપેલ હોવાનું તથા તેનો પ્રત્યક્ષ કબજો ભોગવટો તેઓને સોંપી આપેલ હોવાનું તથા ત્યારથી સદર દાવાવાળી મિલકત તેઓની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું પુરવાર કરવા માટે આંક-૨૩ થી પોતાની જુબાની આપેલ છે અને વાદી તરફે આંક-૪૫ થી સાહેદ તરીકે સિંઘવ દાનુભાઈ ગોવાભાઈને તથા આંક-૪૯ થી સાહેદ અજીતકુમાર ગોવીંદભાઈ નાડોદાને સોગંદ પર તપાસેલા છે અને વાદી તરફે આંક-૩૦ થી આંક-૩૨ સુધીના દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને વાદી તરફે વાદી અને વાદી તરફેના સાહેદના મૌખિક પુરાવા પર અને વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પર અને પ્રતિવાદીની વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ પર મુખ્ય આધાર રાખેલ છે. હવે વાદી તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના વાદીએ આંક-૨૩ થી પોતાની દાવા અરજીને સમર્થનકારક જુબાની આપી દાવાવાળું સર્વે નં.૭૭૦ વાળું ખેતર આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસે તા.૯/૦૪/૧૯૮૫ ના રોજ પોતાના સ્વહસ્તાક્ષરમાં વેચાણ સબંધી લખાણ કરી તેઓને વેચાણ આપેલ હોવાનું તથા તેનો પ્રત્યક્ષ કબજો ભોગવટો તેઓને સોંપી આપેલ હોવાનું તથા ત્યારથી સદર દાવાવાળી મિલકત તેઓની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી કરેલ છે અને આંક-૩૦ નો લેખ વંચાણે લેવામાં આવે તો તેના પરથી પ્રથમદર્શનીય રીતે આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસે દાવાવાળી મિલકત આ કામના વાદીને વેચાણ સબંધી લેખ

કરી તા. ૦૯/૦૪/૧૯૮૫ માં રૂા.૧૫૦૦૦/–માં વેચાણ આપેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ આ કામના વાદીએ સદર આંક–૩૦ વાળુ લખાણ આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં. ૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસના સ્વહસ્તાંક્ષરમાં હોવાનું તથા આ લેખમાં આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં. ૨ થી ૭ ના મૈયત પિતાની જ સહી હોવાનું પુરવાર કરવા પ્રતિવાદીના મૈયત પિતાએ આ લેખ લખ્યો તથા તેમાં સહી કરી તે વખતે હાજર હોય તેવા કોઈ સાહેદોને તથા પ્રતિવાદીના મૈયત પિતાના હસ્તાંક્ષર તથા સહી ઓળખતા હોય તેવા કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી. વધુમાં આ કામના વાદી તરફે તપાસવામાં આવેલ સાહેદો પૈકી સાહેદ સિંધવ દાનુભાઈ ગોવાભાઈએ તેઓના પુરાવામાં દાવાવાળી મિલકત આ કામના વાદીએ આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસ પાસેથી વેચાણ રાખેલ હોવાનું જણાવેલ છે તથા આ કામના વાદી તરફે તપાસવામાં આવેલ સાહેદો પૈકી સાહેદ અજીતકુમાર ગોવીંદભાઈ નાડોદાએ તેઓના પુરાવામાં દાવાવાળી મિલકત આ કામના વાદીએ આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસ પાસેથી વેચાણ રાખેલ હોવાનું તેઓએ જાણેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આ કામના વાદી તરફે તપાસવામાં આવેલ સાહેદો પૈકી એક પણ સાહેદે તેઓના પુરવામાં કયાંય પણ સદર આંક–૩૦ વાળુ લખાણ આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસના સ્વહસ્તાંક્ષરમાં હોવાનું તથા આ લેખમાં આ કામના પ્રતિવાદી નં.૧ ના પતિ અને પ્રતિવાદી નં. ૨ થી ૭ ના મૈયત પિતાની જ સહી હોવાનું પુરવાર કરવા પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતાએ આ લેખ લખ્યો તથા તેમાં સહી કરી તે વખતે તેઓ ત્યાં હાજર હોવાનું અથવા તેઓ આ કામના પ્રતિવાદી નં. ૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં. ૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસના હસ્તાક્ષર તથા સહી ઓળખતા હોવાનું જણાવેલ નથી. તેમજ આ કામના વાદી તરફે આ કામના પ્રતિવાદીની ઉલટતપાસ કરીને પણ સદર આંક–૩૦ વાળુ લખાણ આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસના સ્વહસ્તાક્ષરમાં હોવાનું તથા આ લેખમાં આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતાની જ સહી હોવાનું રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૧૬) આ કામના વાદીના પુરાવા પરથી તથા આ કામના પ્રતિવાદીની વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ પરથી દાવાવાળું સર્વે નં.૭૭૦ વાળું ખેતર આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસે તા.૦૯/૦૪/૧૯૮૫ ના રોજ પોતાના સ્વહસ્તાક્ષરમાં વેચાણ સબંધી લખાણ કરી તેઓને વેચાણ આપેલ હોવાનું તથા તેનો પ્રત્યક્ષ કબજો ભોગવટો તેઓને સોંપી આપેલ હોવાનું તથા ત્યારથી સદર દાવાવાળી મિલકત તેઓની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતું નથી.

વધુમાં આંક-૩૦ નો લેખ વંચાણે લેવામાં આવે તો તે માત્ર કોરા કાગળ પરનો સ્ટેમ્પ વગરનો સ્થાવર મિલકતના માલિકી હકક તથા હિતના હસ્તાંતર અંગેનો વેચાણ લેખ હોવાનું જણાઈ આવે છે. તેમજ રજીસ્ટ્રેશન એકટની કલમ-૪૯ મુજબ આવો સ્થાવર મિલકતના માલિકી હકક તથા હિતના હસ્તાંતર અંગેનો લેખ રજીસ્ટર્ડ થયેલો હોવો ફરજીયાત છે અને જો આવો સ્થાવર મિલકતના માલિકી હકક તથા હિતના હસ્તાંતર અંગેનો લેખ રજીસ્ટર્ડ થયેલો ન હોય અને તેના પર પુરતો સ્ટેમ્પ લગાડવામાં આવેલ ન હોય તો આવો અનરજીસ્ટર્ડ અધુરા સ્ટેમ્પ વાળો સ્થાવર મિલકતના માલિકી હકક અને હિતના હસ્તાંતર અંગેનો લેખ સ્ટેમ્પ એકટની કલમ-૩૫ મુજબ પુરાવામાં ગ્રાહય રાખી વંચાણે લેવા પાત્ર નથી. આમ આ કામના પ્રતિવાદી તરફે આંક-૩૦ થી રજુ થયેલ લેખ સ્થાવર મિલકતના માલિકી હકક તથા હિતના હસ્તાંતર અંગેનો લેખ હોવાનું તથા આ લેખ અનરજીસ્ટર્ડ તથા પુરતા સ્ટેમ્પ વગરનો લેખ હોવાનું જણાઈ આવતુ હોઈ તથા રજીસ્ટ્રેશન એકટની કલમ-૪૯ મુજબ આવો સ્થાવર મિલકતના માલિકી હકક તથા હિતના હસ્તાંતર અંગેનો લેખ રજીસ્ટર્ડ થયેલો હોવો ફરજીયાત હોઈ અને જો આવો સ્થાવર મિલકતના માલિકી હકક તથા હિતના હસ્તાંતર અંગેનો લેખ રજીસ્ટર્ડ થયેલો ન હોય અને તેના પર પુરતો સ્ટેમ્પ લગાડવામાં આવેલ ન હોય તો સ્ટેમ્પ એકટની કલમ-૩૫ મુજબ પુરાવામાં ગ્રાહય રાખી વંચાણે લેવા પાત્ર ન હોઈ, આ કામના વાદી તરફે આંક-૩૦ થી રજુ થયેલ લેખ અનરજીસ્ટર્ડ લેખ હોવાથી તથા પુરતા સ્ટેમ્પ વગરનો હોવાથી આંક-૩૦ નો લેખ સ્ટેમ્પ એકટની કલમ-૩૫ મુજબ પુરાવામાં ગ્રાહય નહી હોવાથી તથા તેને પુરાવામાં વંચાણે લઈ શકાય તેમ નહી હોવાથી આ કામના વાદી તરફે રજુ થયેલ આંક-૩૦ ના લેખ પરથી આ કામના વાદીએ દાવાવાળી મિલકત પ્રતિવાદીના મૈયત પિતા પાસેથી તા.૦૯/૦૪/૧૯૮૫ ના રોજ કાયદેસર રીતે વેચાણ રાખેલ હોવાનું તથા ત્યારથી દાવાવાળી મિલકત આ કામના વાદીના પ્રત્યક્ષ

કબજા ભોગવટામાં હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતું નથી.

**(૧૭)** આ કામના વાદી તરફે આંક–૩૧ તથા આંક–૩૨ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી સને–૧૯૯૨–૧૯૯૩ સુધી દાવાવાળી મિલકતનો મિલકતનો કબજો ભોગવટો આ કામના પ્રતિવાદીના મૈયત પિતા જાની આત્મારામ રણછોડદાસનો હોવાનું તથા ત્યારબાદ હાલ સુધી દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો આ કામના પ્રતિવાદીઓનો હોવાનું ફલીત થાય છે. તેથી આ કામના વાદી તરફે રજુ થયેલ વાદી તથા વાદી તરફેના સાહેદોના મૈખિક પુરાવામાં આ કામના ખુદ વાદી તરફે રજુ થયેલ આંક–૩૧ તથા આંક–૩૨ ના દસ્તાવેજી પુરાવામાં દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો સને ૧૯૮૫ થી આ કામના વાદીનો હોવા બાબતે અને દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો સને ૧૯૮૫ થી આ કામના પ્રતિવાદીનો નહી હોવા બાબતે મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે. તેથી પણ આ કામના વાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી દાવા અરજીમાં દર્શાવ્યા મુજબ આ કામના પ્રતિવાદીના મૈયત પિતાએ દાવાવાળી વાળી મિલકત તા.૦૯/૦૪/૧૯૮૫ ના રોજ સ્વહસ્તાંક્ષરમાં વેચાણ સબંધી લખાણ કરી તેમાં સહી કરી દાવાવાળી મિલકત આ કામના વાદીને વેચાણ આપેલ હોવાનું અને તેનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીને સોંપી આપેલ હોવાનું તથા સને ૧૯૮૫ થી દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો આ કામના વાદીનો હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતું નથી. વધુમાં આ કામના વાદી તરફે રજુ થયેલ આંક–૫૭ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી પણ દાવાવાળી મિલકતનો અમુક ભાગ સરકારમાં એકવાયર થતા તેના વળતરના નાણાં પણ આ કામના પ્રતિવાદીને મળેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ આ કામના પ્રતિવાદી તરફે વાદી તથા વાદી તરફેના સાહેદોએ પણ તેઓની ઉલટતપાસમાં દાવાવાળી મિલકતમાંથી નહેર નીકળી તેની જમીન સંપાદન થતા તેના પૈસા આ કામના પ્રતિવાદીને મળેલ હોવાનું સ્વીકારેલ છે. તેથી પણ વાદી તરફે આંક–૫૭ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી દાવાવાળી મિલકતમાંથી નહેર નીકળતા તે જમીન સંપાદનના નાણાં આ કામના પ્રતિવાદીઓને મળેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ આ કામના પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ આંક–૫૮ થી આંક–૬૦ ના દસ્તાવેજી પુરાવા પરથી દાવાવાળી મિલકત આ કામના પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું ફલીત થાય છે તથા આ કામના પ્રતિવાદી તરફે આંક–૫૯ થી રજુ થયેલ ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા

પરથી પણ દાવાવાળી મિલકતમાં આ કામના પ્રતિવાદીઓએ સને સને ૨૦૧૦–૨૦૧૧ માં બાજરીનું વાવેતર કરેલ હોવાનું પુરવાર ફલીત થાય છે.

(૧૮) આ કામના વાદીએ હાલનો દાવો કરારના વિશિષ્ટ પાલન માટેનો કરેલ છે. જેથી આ કામના વાદીએ સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓ મુજબ દસ્તાવેજ કરવા માટેની તેઓની તૈયારી અને ઈચ્છાશકિત હોવાનું પુરવાર કરવું પડે. હવે આ કામના વાદીએ દસ્તાવેજ કરવા માટેની તેઓની તૈયારી હોવાનું પુરવાર કરેલ છે કે કેમ તે જોવામાં આવે તો આ કામના વાદીએ તા.૦૯/૦૪/૧૯૮૫ થી આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતા તા.૨૫/૦૫/૧૯૯૭ ના રોજ અવસાન પામ્યા ત્યાં સુધી આ કામના પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતાને આવી તૈયારીના ભાગ રૂપે દસ્તાવેજ કરી આપવા માટે કોઈ નોટીસ આપેલ હોય કે પ્રતિવાદી નં.૧ ના મૈયત પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતાનો આવી તૈયારીના ભાગ રૂપે દસ્તાવેજ કરી આપવા માટે કોઈ સંપર્ક કરવાનો કે પ્રતિવાદી નં.૧ ના પતિ અને પ્રતિવાદી નં.૨ થી ૭ ના મૈયત પિતાને આવી તૈયારીના ભાગ રૂપે શોધવાનો કોઈ પ્રયત્ન કરેલ હોય તેવો કોઈ પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામના વાદીએ તેઓની દાવા અરજીમાં તેઓએ તા.૦૧/૦૬/૨૦૧૩ ના રોજ આ કામના પ્રતિવાદીઓને મળી દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરવા જણાવતા આ કામના પ્રતિવાદીઓએ તેઓને દસ્તાવેજ કરી આપવાની ના પાડેલ હોવાનું જણાવેલ છે, પરંતુ તે હકીકત પુરવાર કરવા માટે પણ આ કામના વાદીએ કોઈ સચોટ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં જો ખરેખર આ કામના વાદીએ તા.૦૧/૦૬/૨૦૧૩ ના રોજ આ કામના પ્રતિવાદીઓને મળી દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરવા જણાવતા આ કામના પ્રતિવાદીઓએ તેઓને દસ્તાવેજ કરી આપવાની ના પાડેલ હોય તો આ કામના વાદી દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરી લેવાની તૈયારીના ભાગ રૂપે આ કામના પ્રતિવાદીઓને નોટીસ પણ આપી શકયા હોત, પરંતુ આ કામના વાદીએ તેઓની દસ્તાવેજ કરી લેવાની તૈયારી અને ઈચ્છાશક્તિ હોવાનું વાદીએ સ્પેશીફીક રીલીફ એકટના પાયાના તત્વો મુજબ પ્રતિવાદીઓ પાસેથી દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરાવી લેવાની તૈયારી અને ઈચ્છાશકિત હોવાનું દર્શાવવા માટેની પણ કોઈ કાર્યવાહી નહી કરેલ હોવાનું પુરવાર થાય છે. તેથી પણ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર થતું

નથી.

(૧૯) આ કામના વાદીએ હાલનો કરારના વિશિષ્ટ પાલન માટેનો દાવો સમય મર્યાદા અધિનિયમ આર્ટીકલ–પ૪ મુજબ ત્રણ વર્ષમાં નહી કરેલ હોવાનું અને આશરે ૨૮ વર્ષના લાંબા ગાળા બાદ કરેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આ કામના વાદીની આ કામના પ્રતિવાદીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ આ કામના ખુદ વાદીએ આંક–૩૦ ના લખાણના આધારે ૨૮ વર્ષ બાદ તેઓએ હાલનો દાવો દાખલ કરેલ હોવાનું સ્વીકારેલ છે. તેથી પણ આ કામના વાદીએ હાલનો કરારના વિશિષ્ટ પાલન માટેનો દાવો સમય મર્યાદા અધિનિયમ આર્ટીકલ–પ૪ મુજબ ત્રણ વર્ષમાં નહી કરેલ હોવાનું અને આશરે ૨૮ વર્ષના લાંબા ગાળા બાદ કરેલ હોવાનું જણાઈ આવે છે. તેથી આ કામા વાદીના દાવાને સમયમર્યાદા અધિનિયમનો બાધ નડતો હોવાનું અને તેથી પણ આ કામના વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નહી હોવાનું પુરવાર થાય છે.

(૨૦) સદરહું અપીલના કામે અપીલ મેમોરેન્ડમ, બંને પક્ષોની દલીલો તથા દાવાના કામે બંને પક્ષના પક્ષ નિવેદનો, મૌખિક જુબાની અને દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, વિવાદીઓએ વાદગ્રસ્ત મિલકત તેઓની માલીકી અને કબજા ભોગવટાની હોવાનું તથા તેઓ આ કામના પ્રતિવિવાદીઓ પાસેથી વાદગ્રસ્ત મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી લેવા હકકદાર હોવાનું પુરવાર કરેલ નથી તેમજ વિવાદીઓના મુળ દાવાને સમય મર્યાદાનો બાધ ન નડતો હોવાનું પુરવાર કરી શકેલ નથી.

આમ વાદગ્રસ્ત મિલકત વિવાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને વિવાદીઓ તે પ્રતિવિવાદીઓ પાસેથી વાદગ્રસ્ત મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકકદાર હોવા છતાં તેમજ સમય મર્યાદાનો બાધ નડતો ન હોવા છતા તેવું ન ઠરાવી નિર્ણિત કરવામાં કોઈપણ પ્રકારની તથ્યો કે કાયદાની ભુલ કરેલ નથી. આથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે, તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયી જણાતો નથી જેથી અપીલના મુદ્દા નં.૧ નો નિર્ણય

નકારમાં ઠરાવવામાં આવે છે અને અપીલ મંજુર થવાપાત્ર નથી, જેથી મુદ્દા નં.ર અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

- વિવાદી/મુળ વાદીની અપીલ ના–મંજુર કરવામાં આવે છે.
- મે.પ્રિન્સીપાલ સિવિલ જજ, શંખેશ્વર નાઓએ રે.દિ.મુ.નં.૨૫/૨૦૧૭ ના કામે તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ કરેલ હુકમ અને હુકમનામું કાયમ રાખવામાં આવે છે.
- પક્ષકારોએ અપીલનું ખર્ચ પોત પોતાનું જાતે ભોગવવું.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.
- દાવાનું રેકર્ડ તુરત જ અપીલ ઠરાવ તથા હુકમનામાની ખરી નકલ સાથે વિ.ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ તા.**૦૭ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬

સ્થળ: રાધનપુર

**રાજકુમાર રામસિંહ ચૌધરી**
એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, પાટણ
મું.રાધનપુર
કોડ નં.GJ-01512